બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ - ૧

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૨ માર્ચ, ૨૦૧૪)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.

(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.

(૩) જમણી બાજુએ પ્રશ્નની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

**☞ અગત્યની સૂચના ☜**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

**☞ વિશેષ નોંધ ☜**

આપ જ્યારે પેપર તપાસો ત્યારે જ્યારે લાંબા જવાબોમાં દા. ત. ટૂંકનોંધ, પાંચ મુદ્દાના વાક્યો, કારણો વગેરે પ્રશ્નોમાં આપ જ્યારે ફાળવેલા ગુણ કરતાં ઓછા ગુણ આપતાં હોવ ત્યારે પરીક્ષાર્થીએ કયો મુદ્દો નથી લખ્યો જેના તમે ગુણ કાપ્યા છે. તેની તમે ટૂંકમાં ડાબી બાજુ ઉપર નોંધ લખો. દા.ત. માર્ચ-૨૦૧૩માં પ્રવેશ-૧ માં 'જોબનપગીનું પરિવર્તન' ટૂંકનોંધ પૂછાઈ હતી. જેમાં જોબનપગી પ્રાર્થના કરતાં પોતાના દોષનું વર્ણન કરતાં કહે છે. 'પ્રભુ ! હું કુળહીન, કુટિલ, કુપાત્ર, બુદ્ધિહીન છું. મેં આપને ન ઓળખ્યા. દીનબંધુ ! દયા કરો. મારું મહાપાપ મટાડો.' આ મુદ્દો પરીક્ષાર્થીએ નથી લખ્યો તો બાજુમાં તમે લખી શકો કે 'પોતાના દોષ કહે છે.' આટલું જ લખવાનું છે અને તમે ગુણ ઓછા આપી શકો છો એટલે કે ફાળવેલ ગુણ કરતાં ઓછા ગુણ આપતાં પહેલાં બાજુમાં કયો મુદ્દો નથી તેની ટૂંકમાં નોંધ લખવી જરૂરી છે.

(વિભાગ - ૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના, બારમી આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૧૨)

**પ્ર.૧ નીચે આપેલામાંથી કોઈ પણ બે વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો. (કુલ ગુણ : ૬)**

☞ **નોંધ :- દરેક પ્રમાણ દીઠ ૧ ગુણ. સંદર્ભ શાસ્ત્રનું નામ અને ક્રમાંક લખવો ફરજિયાત છે. પ્રમાણમાં ક્યારેક સંસ્કૃત શ્લોક અને ભાષાંતર હોય છે. પરીક્ષાર્થીએ કોઈ પણ એક લખ્યું હોય તો પણ સાચું આપવું.**

૧. મોક્ષ માટે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત (૫/૭૦-૭૪)

**પ્રમાણ-૧ :** ''જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઇત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈયે સમજવું બાકી રહ્યું નહિ. તે આ વાર્તા એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો. આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજે જ છૂટકો છે...(અને) એટલો જેને દૃઢ નિશ્ચય થયો હોય તેને સર્વે મુદ્દો હાથ આવ્યો અને કોઈ કાળે તે કલ્યાણના માર્ગ થકી પડે નહિ.... માટે સર્વે શાસ્ત્રનું રહસ્ય આ વાર્તા છે.'' **(વચ. ગ. મ. ૨૧)**

**પ્રમાણ-૨ :** ''જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે. અને જ્યારે આવો સંતસમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે.'' **(વચ. ગ. અં. ૨)**

**પ્રમાણ-૩ :** ''જીવનું જે કલ્યાણ થાય અને જીવ માયાને તરીને બ્રહ્મસ્વરૂપ થાય તેનું કારણ તો પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેના પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન, ધ્યાન, કીર્તન અને કથાદિક એ જ છે, ને એણે કરીને જ એ જીવ છે તે માયાને તરે છે. અને અતિ મોટાઈને પામે છે. અને ભગવાનનું જે અક્ષરધામ તેને પામે છે.'' **(વચ. ગ. મ. ૩૨)**

**પ્રમાણ-૪ :** ''માટે જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને તે તે લક્ષણે કરી તે ભગવાનને ઓળખીને તે ભગવાનને શરણે થવું અને તેનો દૃઢ વિશ્વાસ રાખવો ને તેની આજ્ઞામાં રહીને તેની ભક્તિ કરવી એ જ કલ્યાણનો ઉપાય છે. અને ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો. તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.'' **(વચ. વર. ૧૦)**

**પ્રમાણ-૫ :** ''માયા તરવાનો ઉપાય એ છે જે જ્યારે સર્વ કર્મ અને માયા તેનો નાશ કરનારા ને માયાથી પર જે સાક્ષાત્કાર શ્રી પુરુષોત્તમ ભગવાન અથવા તે ભગવાનના મળેલ સંત તેમની જીવને પ્રાપ્તિ થાય છે ત્યારે તેમના આશ્રયથી માયા ઉલ્લંઘાય છે.'' **(વચ. જેતલ.-૧)**

**પ્રમાણ-૬ :** ''ચાર વેદ, પુરાણ, ઇતિહાસ એ સર્વેમાં એ જ વાર્તા છે જે ભગવાન ને ભગવાનના સંત જ કલ્યાણકારી છે.. તે ભગવાન કે ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી. એ જ પરમ કલ્યાણ છે.'' **(વચ.ગ.મ.૫૯)**

**પ્રમાણ-૭ :** ''મોક્ષના દાતા તો ભગવાનને સાધુ એ બે જ છે.'' **(સ્વા. વા. ૧/૨૦)**

**પ્રમાણ-૮ :** ''પ્રગટ ભગવાન વિના કરોડ નિયમ પાળે પણ કલ્યાણ ન થાય અને પ્રગટ ભગવાન ને આ પ્રગટ સાધુની આજ્ઞાથી એક નિયમ રાખે તો કલ્યાણ થાય.'' **(સ્વા. વા. ૪/૩૬)**

**પ્રમાણ-૯ :** ''આત્યંતિક કલ્યાણ થાય તે જ મોક્ષ કહેવાય ...... ને એવો મોક્ષ તો પ્રગટ ભગવાન ને પ્રગટ ભગવાનના એકાંતિકનો આશરો કર્યાથી થાય, બીજાથી થાય નહિ.'' **(સ્વા. વા. ૫/૫)**

**પ્રમાણ-૧૦ :** ''બીજા કહે મુવા પછી મોક્ષ રે, વળી પ્રભુ બતાવે છે પ્રોક્ષ રે.
જ્યારે એમ જ અર્થ જો સરે રે, ત્યારે હરિ તન શીદ ધરે રે;
જ્ઞાન વિના તો મોક્ષ ન થાય રે, એમ શ્રુતિ સ્મૃતિ સહુ ગાય રે.
માટે પ્રગટ જોઈએ ભગવંત રે, એવું સર્વ ગ્રંથનું સિદ્ધાંત રે;
જેમ પ્રગટ રવિ હોય જ્યારે રે, જાય તમ બ્રહ્માંડનું ત્યારે રે.
જેમ પ્રગટ જળને પામી રે, જાય પ્યાસીની પ્યાસ તે વામી રે;
જેમ પ્રગટ અન્નને જમે રે, અંતર જઠરાઝાળ વિરમે રે.
તેમ પ્રગટ મળે ભગવાન રે, ત્યારે જનનું કલ્યાણ નિદાન રે;
માટે પ્રગટ ચરિત્ર સાંભળવું રે, હોય પ્રગટ ત્યાં આવી મળવું રે.
માટે પ્રગટ પ્રભુ જો ન હોય રે, ન થાય એ નિષ્પાપ કોય રે;
જાણો પ્રગટ મૂર્તિ ભવપાજ રે, સહેજે ઉતારવાનો સમાજ રે. **(ભક્તચિંતામણિ : ૧૬૪)**

**પ્રમાણ-૧૧ :** પ્રગટ પ્રભુ કે પ્રભુના સંત રે, તેહ વિના ન ઉદ્ધરે જંત રે.'' **(નિ. કા. કલ્યાણનિર્ણયઃ ૧૩-૨૮)**

**પ્રમાણ-૧૨ :** ''આત્યંતિક કલ્યાણ કારણે જાવું પ્રગટ પ્રભુને પાસ;
મોક્ષદાયક એહ મૂર્તિ કે મોક્ષદાતા એના દાસ.'' **(નિ.કા.કલ્યાણનિર્ણય : ૧૬-૪)**

**પ્રમાણ-૧૩ :** ''માટે કલ્યાણકારી સાંભળ્યા રે, એક હરિ કે હરિ ના મળ્યા રે;
સાચી વાત તું માનજે સહિરે, એહ બેઉ વિના મોક્ષ નહિ રે.'' **(નિ.કા. કલ્યાણનિર્ણય : ૧૬-૧૦)**

**પ્રમાણ-૧૪ :** ''મળે પ્રભુ પ્રગટ પ્રમાણ રે, કાં તો તેના મળેલે કલ્યાણ રે;
તેહ વિના તો કોટિ ઉપાય રે, આત્યંતિક કલ્યાણ ન થાય રે.'' **(નિ. કા. કલ્યાણનિર્ણય : ૨-૧૮)**

**પ્રમાણ-૧૫ :** ''આ ભવસાગર પાર ઉતાર, હરિ કે હરિ કો દાસ.'' **(સદ્. બ્રહ્માનંદ સ્વામી)**

**પ્રમાણ-૧૬ :** ''સાક્ષાત્ ભગવાનના સંબંધથી અથવા પૂર્વશ્લોકમાં કહેલાં લક્ષણોએ યુક્ત એવા એકાંતિક ભક્તના સંબંધી જ મનુષ્યોને એકાંતિક ધર્મની પ્રાપ્તિ થાય છે. આ સિવાય બીજા કોઈ પણ ઉપાયથી ક્યારેય પણ તેની પ્રાપ્તિ થતી નથી.'' **(વાસુદેવમાહાત્મ્યઃ૨૫-૬૫)**

**પ્રમાણ-૧૭ :** ''એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો. અને કોઈક સાંભળીને તેવી ને તેવી વાત કહેવા જાય તો કહેતાં પણ આવડે નહિ. માટે જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે.'' **(વચ. ગ. પ્ર. ૬૦)**

૨. **સર્વોપરીપણાની નિષ્ઠા આવશ્યક (૪/૨૮-૨૯)**

**પ્રમાણ-૧ :** 'જેટલી પોતાના ઈષ્ટદેવ જે પરમેશ્વર તેને વિષે નિષ્ઠા હોય તેટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય છે. **(વચ. ગ.પ્ર. ૫૬)**

**પ્રમાણ-૨ :** 'જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહજે જિતાઈ જશે... પણ ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજ્યામાં કસર રહી તો કોઈ રીતે વાંધો ભાંગશે નહિ.' **(વચ. ગ.મ.૧૩)**

**પ્રમાણ-૩ :** 'મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ.' **(સ્વા.વા. ૩/૧૨)**

**પ્રમાણ-૪ :** જ્ઞાનમાર્ગ તો એવો સમજવો જે, કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ... માટે જે સમજુ હોય તેને ભગવાનના વચનમાં તો જેટલું પોતાની સામર્થી પ્રમાણે રહેવાય તેટલું અવશ્ય રહેવું, પણ ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે, સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે. જે એમ જાણતો હોય ને તેથી જો કદાચિત્ સત્સંગથી બાહેર નીસરી જવાણું તોય પણ તેને ભગવાનની મૂર્તિમાંથી હેત ટળતું નથી. અને તે હમણાં તો સત્સંગથી બાહેર છે પણ દેહ મૂકીને તો અંતે ભગવાનનું જે અક્ષરધામ તેને વિષે ભગવાનને સમીપે જશે. અને હમણે સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રના વચનમાં પણ રહેતો હશે અને તેને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી નહિ હોય તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જશે ને કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જશે, પણ તે પુરુષોત્તમ ભગવાનના ધામને વિષે નહિ જાય. તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય. **(વચ. ગ.મ.૯)**

૩. **અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની સ્વામી - સેવક ભાવે ઉપાસના (૬/૯૫-૯૭)**

**પ્રમાણ-૧ :** અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમ નારાયણનું

ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ. **(વચ. લો. ૧૨)**

**પ્રમાણ-૨ :** વળી એ બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે, એમ સમજીને પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી. **(વચ. ગ. મ. ૩)**

**પ્રમાણ-૩ :** નિજાત્માનં બ્રહ્મરૂપં દેહત્રય વિલક્ષણમ્ । વિભાવ્ય તેન કર્તવ્યા ભક્તિઃ કૃષ્ણસ્ય સર્વદા ॥ અર્થાત્ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ જે ત્રણ દેહ, તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા, તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ, જે તે સર્વકાળને વિષે કરવી. **(શિક્ષાપત્રી : ૧૧૬)**

**નોંધ :- એકલો શ્લોક કે એકલું ગુજરાતી લખ્યું હોય તો પણ સાચું આપવું.**

**પ્રમાણ-૪ :** સાંખ્યજ્ઞાન તેણે કરીને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ થકી પોતાનો આત્મા પૃથક જાણવો અને વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ત્રણ દેહ થકી ઈશ્વરને પૃથક જાણવા. ત્યારબાદ અક્ષરબ્રહ્મ (મૂર્તિમાન)ની સાથે પોતાના આત્માની તાદાત્મ્ય સંબંધે કરીને એકપણાની ભાવના કરવી. પછી બ્રહ્મભૂત કહેતાં બ્રહ્મરૂપ થયો એવો જે મુમુક્ષુ ભક્તજન તે વાસુદેવ કહેતાં શ્રીજીમહારાજને ભજે. **(સત્સંગિજીવન ૪-૭૨-૧,૨)**

**પ્રમાણ-૫ :** પોતાના જીવને ને અક્ષરબ્રહ્મને એક માનીને જે પુરુષોત્તમની ઉપાસના કરે છે તે પુરુષ ધન્ય છે અને અક્ષરને ને પોતાના જીવને ભેદપણે કરીને જાણે છે ને પોતાના જીવને વિષે અક્ષરને એકપણે કરીને નથી વિચારતા ને સ્વામી-સેવકપણે કરીને વિચારે છે તેને ધિક્કાર છે. **(વેદરસ - પૃ. ૨૨૦)**

**પ્રમાણ-૬ :** 'અક્ષરને પોતાના આત્માને વિષે એકપણે કરીને જે પુરુષોત્તમ પરમાત્મા છે, તેની ઉપાસના કરે છે તે પુરુષને ધન્ય છે અને જે પુરુષોત્તમને વિષે સ્વામી-સેવકપણે નથી વર્તતા ને એકત્ત્વપણે વર્તે છે તેને પણ ધિક્કાર છે.' **(વેદરસ - વૃ. ૨૨૦)**

**પ્રમાણ-૭ :** ગુણાતીતાનંદ સ્વામીએ એક વખત ગ.પ્ર.૨૩, ગ.મ.૩૦, ૪૫ તથા અમ.- ૨, ૩ આ પાંચ વચનામૃતો બે-ત્રણ વાર વંચાવીને કહ્યું : 'આ વચનામૃત સાંભળતા એમ જણાણું જે, કોટિ કલ્પ સુધી એમ (અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ) કર્યા વિના છૂટકો નથી. તે આપણે તો કર્યા વિના છૂટકો નથી, પણ આચાર્ય હોય કે ભગવાનનો પુત્ર હોય કે ઈશ્વર હોય કે નાના મોટા ભગવાન હોય, પણ એમ કર્યા વિના છૂટકો નથી, કેમ જે એ પણ મહારાજનો મત છે.' **(સ્વા. વા. ૩/૧૩)**

૪. **બ્રહ્મરૂપ થવાની આવશ્યકતા : નિર્વિઘ્ન ભક્તિ માટે (૬/૯૭-૯૮)**

**પ્રમાણ-૧ :** ''એવી સ્થિતિમાં શિવજી નો'તા વર્તતા તો મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા અને એવી સ્થિતિમાં બ્રહ્મા નો'તા વર્તતા તો સરસ્વતીને દેખીને મોહ પામ્યા અને એવી સ્થિતિમાં નારદજી નો'તા વર્તતા તો પરણ્યાનું મન થયું અને ઈન્દ્ર તથા ચંદ્રાદિક તેમને જો એવી સ્થિતિ નો'તી તો કલંક લાગ્યાં.'' **(વચ.ગ.પ્ર. ૨૩)**

**પ્રમાણ-૨ :** ''સોનું ને સ્ત્રી એ બે અતિ બંધનકારી છે અને એ બે પદાર્થનું બંધન તો ત્યારે ન થાય, જ્યારે પ્રકૃતિપુરુષ થકી પર એવું જે શુદ્ધ ચૈતન્યબ્રહ્મ તેને જ એક સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને ને તે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ભજન કરે.'' **(વચ.ગ.મ. ૩૦)**

**પ્રમાણ-૩ :** ''બ્રહ્માંડમાં એવો કોઈ પુરુષ નથી જેને સ્ત્રી ન જોઈએ, ને એવી કોઈ સ્ત્રી નથી જેને પુરુષ ન જોઈએ. તેમાંથી નોખા પાડવાનો તો મહારાજે એક શ્લોક લખ્યો છે જે, ''निजात्मानं ब्रह्मरूपम्...'' જેમ ગુજરાતની પૃથ્વીમાં પાતાળ સુધી ખોદીએ તો પણ પાણો ન મળે, તેમ બ્રહ્મરૂપ થાવું તેમાં કોઈ દોષ જ ન મળે.'' (સ્વા.વા.૧/૧૪૧) વળી, निजात्मानं ब्रह्मरूपम्... એ આજ્ઞા પળે તો.... કારણ દેહનો નાશ થાય છે.'' **(સ્વા.વા. ૫/૭૨)**

**(નોંધ : હિન્દીના પુસ્તકમાં સ્વામીની વાતોનો ક્રમાંક આપ્યો ન હોવાથી હિન્દી માધ્યમના પરીક્ષાર્થીએ ક્રમાંક ન લખ્યો હોય તો ગુણ કાપવા નહિ.)**

**પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ : ૫)**

૧. ''ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજ્યામાં કસર રહી તો કોઈ રીતે વાંધો ભાંગશે નહિ.'' (૫/૭૪)

**જ. પ્રગટને ઓળખ્યા વગર કસર** (૫/૭૪)

૨. ''મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય.'' (૨/૬)

**જ. સર્વ-કર્તાહર્તા : શ્રીજીમહારાજ** (૨/૫)

૩. जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वत: । (૩/૨૧)

**જ. દિવ્યભાવ સમજવાની આવશ્યકતા (૩/૨૦)**

૪. ''એવા મોટા ભગવાન તેને સંત પોતાના હૃદયમાં અખંડ ધારી રહ્યા છે, માટે તે મોટા છે.'' (૫/૮૮)

**જ. પ્રગટ ગુણાતીત સંતનો મહિમા : ગુણાતીતાનંદ સ્વામીના શ્રીમુખે (૫/૮૭)**

૫. ''મોરે મન પ્રભુ અસ બિસ્વાસા, રામ તે અધિક રામ કર દાસા.'' (૫/૯૧)

**જ. ગુણાતીત સંતનો મહિમા : પરોક્ષ ભક્ત-કવિઓનાં પદોમાં (૫/૯૦)**

**પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૨, ૩, ૪ (૪/૩૨-૩૪) ૨. ૨, ૩ (૪/૩૦)

**પ્ર.૪ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક વર્ણવી સિદ્ધાંત લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : પ્રસંગના ૩ ગુણ ને સિદ્ધાંતનો ૧ ગુણ**

૧. **સદ્‌ગુરુ ખેલે વસંત : (૬/૧૧૫-૧૧૬)** આ.સં. ૧૮૬૮માં સારંગપુરમાં રાઠોડ ધાધલને ઘેર શ્રીજીમહારાજે રંગોત્સવ કર્યો અને સંતો સાથે રાસ લીધો. મહારાજ આ પ્રસંગે કબીર રચિત હોરીનું પદ ગાવા લાગ્યા.

'જોગીયા ટાળત જનમ કેરા ફાંસલા રે, પ્રેમના પ્યાલા જોગીઆ, જુગ જુગ જીવો સો જોગીઆ ..'

કોટિ કૃષ્ણ જોડે હાથ, કોટિ વિષ્ણુ નમે માથ, કોટિ શંકર ધરે ધ્યાન, કોટિ બ્રહ્મા કથે જ્ઞાન, સદ્‌ગુરુ ખેલે વસંત ....

શ્રીજીમહારાજે આ પદ ગાઈને સંતોને પૂછ્યું, 'એવા સદ્‌ગુરૂ કોણ ?' પ્રથમ જ્યારે લોજ અને માંગરોળમાં આવા પ્રસંગે મહારાજે કહેલું કે એવા સદ્‌ગુરૂ અમે છીએ તે પ્રમાણે સંતોએ જ્યારે કહ્યું કે 'એવા સદ્‌ગુરૂ તો આપ છો.' ત્યારે શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીની છાતીમાં છડી અડાડી કહ્યું 'અમે તો સર્વોપરી પુરૂષોત્તમ નારાયણ છીએ અને આ પદમાં જે મહિમા સદ્‌ગુરુનો કહ્યો તે સદ્‌ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે. આ અનાદિ સદ્‌ગુરુ એવા ગુણાતીતાનંદ સ્વામી તે ધામરૂપે અમને અને અનંત કોટિ મુક્તોને ધારી રહ્યા છે અને સાકાર રૂપે અક્ષરધામમાં અને અહીં અમારી સાથે અમારી સેવામાં સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવા સારુ સદ્‌ગુરુ રૂપે પ્રગટ થયા છે.'

**સિદ્ધાંતઃ-** આ પ્રસંગે શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીની સૌને ઓળખાણ કરાવી પૂર્ણ પુરૂષોત્તમનારાયણ પોતે જે ધામમાં નિવાસ કરતાં હોય તેવા પોતાના ધામરૂપ અક્ષરને તેઓ જ ઓળખાવી શકે.

૨. **શીતળદાસને સમાધિ (૪/૪૫)** શીતળદાસ નામે મુમુક્ષુ બ્રાહ્મણ રામાનંદ સ્વામીની ખ્યાતિ સાંભળી તેમનાં દર્શન કરવા આવ્યા. પરંતુ રામાનંદ સ્વામી થોડા દિવસ પહેલાં જ અંતર્ધાન થયા છે તે સમાચાર સાંભળીને અત્યંત નિરાશ થઈ ગયા. તેથી તેમણે પાછા જવાનો વિચાર કર્યો. તેવામાં શ્રીજીમહારાજે તેને સમાધિ કરાવી જેમાં ચોવીસે અવતારો અને રામાનંદ સ્વામી શ્રીજીમહારાજની સ્તુતિ કરે છે તેવાં તેને દર્શન થયાં. સમાધિ અવસ્થામાં જ તેમણે શ્રીજીમહારાજની પ્રેમથી પૂજા કરી, પરંતુ પછી તેમને અક્ષરધામના અનંત મુક્તોની પૂજા કરવાની ઈચ્છા થઈ. તેમની આ ઈચ્છા જાણી શ્રીજીમહારાજે સંકલ્પ કરવા કહ્યું કે ''આ એક એક અવતાર અને રામાનંદ સ્વામી પુરુષોત્તમ હોય તો મારાં અનંત સ્વરૂપ થાઓ.'' પણ તેમ સંકલ્પ કરવા છતાં તેમનાં અનેક સ્વરૂપો ન થયાં. પછી મહારાજે કહ્યું 'ચિંતવન એવું મુજ વિષે, હવે કરો કહે પરમેશ.' ''શ્રીજીમહારાજ પુરુષોત્તમ હોય તો મારાં અનંત સ્વરૂપ થાઓ.'' એમ સંકલ્પ કરતાં જ તેમનાં અનંત રૂપ થયાં અને તેમણે અનંત મુક્તોની એકીસાથે પૂજા કરી. સમાધિમાંથી બહાર આવીને શીતળદાસે મહારાજની સ્તુતિ કરી. તેમને શ્રીજીમહારાજનો સર્વોપરી નિશ્ચય થયો. તેથી તેમને જગત ખોટું થઈ ગયું. અને તેઓ મહારાજ પાસે દીક્ષા લઈ પરમહંસ બની ગયા. મહારાજે તેમનું નામ વ્યાપકાનંદ સ્વામી પાડ્યું. 'સર્વ અવતાર એમાં સમાય, પોતે કોઈમાં લીન ન થાય, એવી વાત કહી જેહ વાર, થયા લીન બધા અવતાર.' (હરિલીલામૃતઃ ૫-૩)

**સિદ્ધાંત :-** પૂર્ણ પુરૂષોત્તમ નારાયણ હોય તે જ મુમુક્ષુને અનંત રૂપ ધરાવી શકે. અને તેમની કૃપા હોય તો જ પોતાનો આવો સર્વોપરી નિશ્ચય કરાવે.

૩. **સ્વરૂપાનંદ સ્વામીને પોતાની ભૂલ સમજાઈ (૫/૭૦)** સ્વરૂપાનંદ સ્વામીને પ્રગટ મહારાજ કરતાં અંતરમાં દેખાતી મહારાજની મૂર્તિ વિષે વધુ લગની લાગી ગઈ. તેમને પ્રગટનો સિદ્ધાંત સમજાવવા મહારાજે મંદવાડ પ્રેરીને અંતરમાં મૂર્તિ દેખાતી હતી તે બંધ કરી. સ્વરૂપાનંદ સ્વામી મૂંઝાયા. દીન થઈ મહારાજ પાસે આવ્યા. મહારાજની સ્તુતિ કરી. મહારાજે કહ્યું, 'પર્વતભાઈ પાસે જાવ, શાંતિ થઈ જશે.' પર્વતભાઈએ વાતો કરતાં તેમને કહ્યું, 'દાદાખાચરનાં નળિયાનું ધ્યાન કરો.' સ્વરૂપાનંદ સ્વામીને આ વચનોથી પોતાની ભૂલ સમજાઈ ગઈ કે મહારાજનાં સંબંધથી દરબારનાં નળિયાં પણ ધ્યાન કરવા યોગ્ય બન્યાં છે. કારણ કે નિર્ગુણભાવને નળિયાં પામી ગયાં છે. તેથી મારે પણ મહારાજની પ્રત્યક્ષ મૂર્તિમાં જ લગની લગાડવી જોઈએ. આમ કરવાથી તેમને શાંતિ થઈ.

**સિદ્ધાંત :-** પ્રગટના લીલા ચરિત્રો ગાવા ને સાંભળવાથી શાંતિ થાય છે.

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- (૧) વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું. (૨) ગુણના પ્રમાણમાં સંદર્ભો અને પ્રસંગો હોય તો ચાલે, બધા જ પ્રસંગ લખવા એવું જરૂરી નથી.**

૧. **નિરાકાર સમજવાથી ખોટ (૩/૧૦-૧૧)** નિરાકાર સમજણના ખંડનના અને સાકાર સમજણના પ્રતિપાદનના શબ્દો અનેક વચનામૃતોમાં આવે છે પણ આપણે તો થોડાં જ અવતરણો જોઈશું. ભગવાનને નિરાકાર સમજવાથી જે સ્વરૂપને પામવું છે, જેનું ધ્યાન-ભજન કરવું છે એ જ સ્વરૂપનું ખંડન થાય છે. તેથી તો શ્રીજીમહારાજ કહે છે : ''ભગવાનને જે નિરાકાર સમજે, એ તો પંચ મહાપાપ કરતાં પણ અતિ મોટું પાપ છે. એ પાપનું કોઈ પ્રાયશ્ચિત નથી. **(વચ.ગ.મ.-૩૯, ગ.પ્ર.-૭૧)** ભગવાન છે તે કરચરણાદિક સમગ્ર અંગે સંપૂર્ણ છે.... તેને અરૂપ કહેવા... એ જ ભગવાનનો દ્રોહ છે... અને ચંદન પુષ્પાદિકે કરીને પૂજે છે તે પણ ભગવાનનો દ્રોહી છે. **(વચ. વરતાલ-૨)** નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય. **(વચ. ગ.મ. ૯)** સર્વે ગુણે

સંપન્ન હોય ને જો ભગવાનને અલિંગ સમજતો હોય, પણ મૂર્તિમાન ન સમજે, એ મોટો દોષ છે, એણે કરીને એના બીજા સર્વે ગુણ દોષરૂપ થઈ જાય છે. **(વચ. લો.૧૬)** અને જે એ ભગવાનને નિરાકાર જાણીને ધ્યાન-ઉપાસના કરે છે તે તો બ્રહ્મ સુષુપ્તિને વિષે લીન થાય છે, તે પાછો કોઈ દિવસ નીસરતો નથી અને ભગવાન થકી કોઈ ઐશ્વર્યને પણ પામતો નથી. **(વચ. ગ.પ્ર. ૬૪)** ભગવાનના સ્વરૂપને જે નિરાકાર કહેનારા છે ને જાણનારા છે ને સત્શાસ્ત્રના અર્થને અવળા અર્થના કરનારા છે, તે તો અનંત જન્મ સુધી ને ત્રેતાયુગમાં દશ હજાર વર્ષ સુધી ને દ્વાપરયુગમાં હજાર વર્ષ સુધી ને કળિયુગમાં સો વર્ષ સુધી એને ગર્ભમાંથી શસ્ત્રે કાપી કાપીને કાઢશે પણ બાળો સાદ કાઢીને રોશે નહિ ને એમ ને એમ અનંત કલ્પ સુધી દુઃખને ભોગવશે પણ સુખ તો નહિ જ થાય. **(સ્વા.વા.૩/૧૬)**

૨. **સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ પ્રસંગોપાત્ત સમજાવેલું શ્રીજીમહારાજનું સર્વોપરીપણું (૪/૫૨-૫૪)** ગુણાતીતાનંદ સ્વામીના ગુણાતીત જ્ઞાનના ઉત્કૃષ્ટ ભાવના શબ્દોથી જ શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠાની સમજણ સત્સંગમાં પ્રવર્તી. જીવોને આ સમજણ થાય તેવી શ્રીજીમહારાજની અત્યંત રુચિ હતી, કારણ કે આ સમજણ વિના માયાના તમને ભેદીને આગળ ગતિ થતી નથી. તેથી જ મહારાજે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને ઉમરેઠમાં સ્વપ્નમાં દર્શન દઈ કહ્યું હતું કે ''મારું પુરુષોત્તમપણું પ્રવર્તાવો, નહિ તો આ દેહમાં હજાર વર્ષ સુધી રાખીશ.'' (૧) સદ્. ગોપાળાનંદ સ્વામી જ્યારે અવતાર-અવતારીના ભેદની વાતો કરતા ત્યારે મોટા આત્માનંદ સ્વામી - જે તેમના કરતાં ઉંમરમાં મોટા હતા તે કહેતા : ''છોકરા, ભગવાન તોળ મા.'' (ભગવાનની તુલના ન કર.) ગોપાળાનંદ સ્વામી તેમને હસીને કહેતા : ''સ્વામી ! આ વાત તમને આજે નહીં સમજાય પણ ભવિષ્યમાં કોઈ સાધુ મળશે તે સમજાવશે.'' પરંતુ જ્યારે આત્માનંદ સ્વામીને એકસો ને સોળ વરસ થયાં છતાં આયુષ્યનો અંત ન આવ્યો ત્યારે તેમને વિચાર થયો કે ''મને કંઈ વાસના નથી, છતાં મહારાજ કેમ તેડવા આવતા નથી ?'' ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ સર્વોપરી ઉપાસનાની વાત તેમને પોતાને જ મહારાજે સ્વમુખે સર્વોપરીપણાના પ્રસંગો કહેલા તે યાદ કરાવીને કરી. ત્યારપછી સમજણની એ કસર ટાળ્યા બાદ તેમને મહારાજ તરત જ ધામમાં તેડી ગયા. આવા ઘણા મોટા પરમહંસોને ગુણાતીતાનંદ સ્વામી વાત કરતા. (૨) સદ્. મુક્તાનંદ સ્વામી સ્નાન કરતાં તીર્થોનાં નામ લેતા. ગુણાતીતાનંદ સ્વામીએ તેમના શિષ્ય શાંતાનંદ સ્વામી દ્વારા કહેવરાવ્યું કે ''સ્વામિનારાયણ નામ સર્વોપરી છે, જેમાં તીર્થમાત્ર આવી જાય છે.'' મુક્તાનંદ સ્વામીને તેમની ભૂલ સમજાઈ ને તેમણે તે સુધારી લીધી. (૩) સદ્. પ્રેમાનંદ સ્વામી જૂનાગઢ રહેતા ત્યારે નાગર ભક્તોની સંગીત મંડળીમાં કૃષ્ણલીલાનાં પદો ગાતા. તેથી ગુણાતીતાનંદ સ્વામી તેમને વારંવાર કહેતા : ''સ્વામી ! હવે થોડો વખત દેહ રહેશે. માટે કુંજગલીની લીલા મૂકી, શ્રીજીલીલામાં તાન જોડો.'' (૪) સદ્. શુક સ્વામીને, વચનામૃત ગ.મ. ૯ ગુણાતીતાનંદ સ્વામીએ સમજાવી, મહારાજના સર્વોપરીપણાની નિષ્ઠા કરાવી ત્યારે તેમણે કહ્યું કે ''આ વચનામૃત તો લખ્યું મેં, અને શોધ્યું પણ મેં, પણ સમજાયું તો આજે જ.'' (૫) ગુણાતીતાનંદ સ્વામીને મહારાજનું સર્વોપરીપણું પ્રવર્તાવવામાં ક્યારેય પણ શાસ્ત્રની તંતી નડી નથી. શાસ્ત્રની તંતીઓવાળા માટે તેઓ કહેતા : ''જીવ બીજે ક્યાંઈએ અટકતો નથી, મહારાજને પુરુષોત્તમ કહેવા તેમાં અટકે છે.'' મોટા પરમહંસોએ શ્રીજીમહારાજનાં ચરિત્રો જોયાં-સાંભળ્યાં હતાં છતાં લખતાં અટક્યા હતા. તે ઉપર સ્વામીએ કહ્યું કે ''શાસ્ત્રના શબ્દની ભ્રાંતિ પડી છે તે આમ ને આમ નિરંતર ધડાકા ને પડકારા કરીશું તો મૂકી દેશે.'' એટલી વાત કરી પછી રઘુવીરજી મહારાજની ગાદી ઉપર ચંપાનાં ત્રણ ફૂલ મૂકીને બોલ્યા જે, ''કેટલાક આ ફૂલ સુધી પૂગે છે ને કેટલાક આ ફૂલ સુધી પૂગે છે, પણ આ ફૂલ સુધી તો કોઈ પૂગતા જ નથી.'' (સ્વા.વા. ૩/૧૯) અર્થાત્ કેટલાક મહારાજને રામચંદ્રજી જેવા સમજે છે, કેટલાક બીજા ફૂલ એટલે કે શ્રીકૃષ્ણ જેવા સમજે છે, પણ આ ત્રીજું ફૂલ એટલે કે શ્રીજીમહારાજ જેવા છે તેવા સર્વોપરી, સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ જેવા કોઈ સમજતા નથી. એ સમજણ અનેક જીવોને દઢ કરાવવા ત્રીજું ફૂલ સ્વામીએ પ્રસન્નતાપૂર્વક અચિંત્યાનંદ બ્રહ્મચારીને આપ્યું અને આજ્ઞા કરી કે આ ત્રીજા ફૂલ સુધી સૌને તમારે પહોંચાડવા એટલે કે શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપનું વર્ણન કરતો એક અપૂર્વ ગ્રંથ, જેમાં શબ્દે શબ્દે મહારાજનો મહિમા આવે તે લખવો, જેથી શ્રીજીમહારાજનો મહિમા સત્સંગમાં પ્રવર્તે. અચિંત્યાનંદ બ્રહ્મચારીએ સ્વામીની આજ્ઞા શિરોમાન્ય કરી 'શ્રીહરિલીલાકલ્પતરુ' જેવા અદ્‌ભૂત ગ્રંથની રચના કરી અને મહારાજનો અપાર મહિમા લખ્યો. આ રીતે ગુણાતીતાનંદ સ્વામીએ પોતે તો વાતો કરીને સર્વોપરીપણું પ્રવર્તાવ્યું, સાથે સાથે પોતાના શિષ્ય દ્વારા પણ શ્રીજીનું સર્વોપરીપણું ગ્રંથસ્થ કરાવ્યું.

૩. **ગુણાતીત સંતનો મહિમા : પરોક્ષ શાસ્ત્રમાં (૫/૯૧-૯૨) (નોંધ : સંસ્કૃત કે ગુજરાતી કોઈપણ એક લખ્યું હોય તો પણ સાચું આપવું.)**
ભગવદ્ ગીતા, રામાયણ વગેરે, અનેક શાસ્ત્રોમાં સંતનો અતિશય મહિમા કહ્યો છે.

(૧) ''यस्य देवे पराभक्तिर्यथा देवे तथा गुरौ । तस्यैते कथिता हार्थाः प्रकाशन्ते महात्मन : ॥''
અર્થાત : જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરૂરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા અર્થ તેને પ્રાપ્ત થાય છે. **(શ્વેતાશ્વેતરોપનિષદ : ૬ - ૨૩)**

(૨) ''साधवो हृदयं मह्यं साधूनां हृदयं त्वहम् । मदन्यत्ते न जानन्ति नाहं तभ्यो मनागपि ॥''
અર્થાત : સાધુ પુરૂષ મારૂ હૃદય છે. અને હું તેમનું હૃદય છું. મારા સિવાય અધિક જેમ તે બીજાને જાણતા નથી તેમ હું પણ એથી અધિક બીજાને જાણતો નથી. **(ભાગવત ૯ - ૪ - ૬૮)**

(૩) ''निरपेक्षं मुनिं शान्तं निर्वैरं समदर्शनम् । अनुव्रजाम्यहं नित्यं पूयेयेत्यङ्घ्रिरेणुभिः॥''
અર્થાત : નિરપેક્ષ, મનનશીલ, શાંતચિત્ત, વૈરરહિત, સમદર્શી સંતાત્માઓની પાછળ પાછળ તો હું એ માટે ફરું છું કે જો એમની ચરણરજ મળી જાય તો પવિત્ર થઈ જાઉં. **(ભાગવત ૧૧-૧૪- ૧૬)** શું ભગવાન પવિત્ર નથી ? ભગવાન તો પવિત્ર છે જ. પણ સંતનું અપાર માહાત્મ્ય દર્શાવવા તેઓ આવા શબ્દો ઉચ્ચારે છે.

૪. **સર્વ કર્તા-હર્તા સમજવાની આવશ્યકતા (૨/૬-૭)** કલ્યાણને અર્થે તો ભગવાનને સર્વ કર્તાહર્તા જાણવા એ જ છે. **(વચ.ગ.મ.૨૧)** જીવનું કલ્યાણ તો આટલી જ વાતમાં છે જે, પ્રકટ પ્રમાણ એવા જે શ્રીકૃષ્ણ નારાયણ તેનું જ કર્યું સર્વે થાય છે પણ કાળ, કર્મ, માયાદિક કોઈનું કર્યું કાંઈ થતું નથી. એવી રીતે ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે અને જે જીવ ભગવાનને સર્વ કર્તાહર્તા નથી જાણતો તો તેથી બીજો કોઈ પાપી નથી અને ગૌહત્યા, બ્રહ્મહત્યા, ગુરુસ્ત્રીનો સંગ તથા બ્રહ્મવેત્તા સદ્‌ગુરુનો દ્રોહ તે થકી પણ એને વધુ પાપી જાણવો, કાં જે, ભગવાન વિના બીજાં જે કાળકર્માદિક તેને એ કર્તા જાણે છે, માટે એવો જે નાસ્તિક ચંડાળ હોય તેની તો છાયામાં પણ ઊભું રહેવું નહિ. **(વચ.કા. ૧૦)** વળી, ભગવાન સર્વના કર્તાહર્તા છે. તેનો ત્યાગ કરીને કેવળ, કાળ, કર્મ સ્વભાવ અને માયા તેને જગતના કર્તા હર્તા કહે છે માટે એ ભગવાનનો અતિદ્રોહ છે. **(વચ.વર. ૨)** માટે સાચો ઉપાસક છે તે ભગવાનને કાળ જેવા ન જાણે, કર્મ જેવા ન જાણે, સ્વભાવ જેવા ન જાણે, માયા જેવા ન જાણે, પુરુષ જેવા ન જાણે, અને સર્વ થકી ભગવાનને જુદા જાણે અને એ સર્વના નિયંતા જાણે અને સર્વના કર્તા જાણે અને એ સર્વેને કર્તા થકા પણ એ નિર્લેપ છે એમ ભગવાનને જાણે. **(વચ.ગ.પ્ર.૬૨)** પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રી ભગવાન સ્વામિનારાયણના અનન્ય આશ્રયથી જ નિર્ભય થવાય છે. આ જગતમાં જે કાંઈ થાય છે તેના કર્તા ભગવાન જ છે એવી દૃઢ સમજણ હોય તો ભક્તને કાળ, કર્મ, માયા કે બીજા કોઈ દેવ, દેવી કે મંત્ર, જંત્ર, તંત્ર વગેરેનો ભય ન રહે. અને સુખ-દુઃખમાં પણ. સ્થિર મતિ રહે છે. તેથી ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'જો માર માર કરતો કોઈ આવતો હોય તો એમ સમજવું જે, મારા સ્વામીનું જ કર્યું સર્વે થાય છે પણ તે વિના કોઈનું હલાવ્યું પાંદડું પણ હલતું નથી. **(સ્વા.વા.૧/૮૮)** આ રીતની દૃઢ સમજણ કરવાથી આવા અતિ સમર્થ અને સર્વકર્તા પરમેશ્વરના આશ્રયથી તેમની આજ્ઞા પાળવાનું બળ મળે છે. તેમનો મહિમા દૃઢ થવાથી ભક્તનું અંગ વૃદ્ધિ પામે છે અને તેથી એકાંતિક ભાવ સિદ્ધ થાય છે. ક્યારેક વિપરીત દેશકાળમાં અંતરની અતિ દૃઢતા હોવા છતાં કોઈ આજ્ઞાનો લોપ થઈ જાય તો પણ આ નિશ્ચયના બળે તેના અંતરમાં ઝાંખપ આવતી નથી અને ખરેખર, મોક્ષમાર્ગમાં આવી ઝાંખપ, નાદારી કે 'મારું કલ્યાણ થશે કે નહિ' એવી સંશયાત્મક બુદ્ધિ ઘણી અવરોધરૂપ બને છે. તેથી ભગવાનને વિષે કર્તાપણાની સમજણ દૃઢ કરવી એ ઉપાસનાનો પ્રાથમિક સિદ્ધાંત છે.

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું.**

૧. **પરમહંસોની અડગ નિષ્ઠાનાં વચનો સાંભળી શ્રીજીમહારાજ પ્રસન્ન થયા. (૪/૫૧-૫૨)** પરમહંસોએ શ્રીજીમહારાજ સાથે રહી મહારાજના સ્વરૂપની સર્વોપરી નિષ્ઠા દૃઢ કરી ત્યારે એક વખત તેમની કસોટી કરતા શ્રીજીમહારાજે તેમને પૂછ્યું : 'હે પરમહંસો ! પૂર્વે જે જે અવતારો થઈ ગયા તેમણે અનેક અસુરોનો સંહાર કર્યો છે અને અનેક અદ્‌ભૂત કાર્યો કર્યાં છે. અમે ભગવાન કહેવાઈએ એવું કશું જ કર્યું નથી. સમુદ્રમંથન કર્યું નથી, પૃથ્વી નક્ષત્રી કરી નથી, નથી રાવણ સંહાર્યો કે નથી સમુદ્ર પર સેતુ બાંધ્યો, નથી ગોવર્ધન ઊંચક્યો કે નથી જરાસંઘ માર્યો, આવાં કોઈ પરાક્રમ અમે કર્યાં નથી છતાં તમે અમને કેમ ભગવાન કહો છો ? નક્કી તમારી કાંઈ ભૂલ છે.'' પરમહંસો મહારાજના શબ્દ છળમાં લોભાય તેવા ન હતા. તેઓનો નિશ્ચય અડગ હતો. તેઓએ મહારાજને કહ્યું, ''તમે ભલે અસુરોનો સંહાર નથી કર્યો પણ તે અસુરો તો કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષા, અસૂયા, અભિમાન જેવા દોષોથી હણાયેલા જ હતા. એ દોષો તો એવા છે કે સ્વર્ગલોક, વિધિલોક કે વૈકુંઠથી પણ પાડી નાખે. તમે અમારા એ દોષો સાવ નિર્મૂળ કર્યા, તમે દૈવી જીવોને તો તાર્યા પણ આસૂરી જીવોને પણ તાર્યા. તમે ભલે સમુદ્ર પર સેતુ નથી બાંધ્યો પણ ભવસાગર પર સેતુ બાંધી અક્ષરની વાટ વહેતી મૂકી છે, તમે **અમને માયામાંથી મુક્ત કરી વિહદ એવું અક્ષરધામ, તેની પ્રાપ્તિ કરાવી છે.** (ભ.ચિં. ૧૦૪, ૧૦૫) પરમહંસોની અડગ નિષ્ઠાના વચનો સાંભળી શ્રીજીમહારાજ ઘણા પ્રસન્ન થયા.

૨. **વાઘાખાચરની નિરાવરણ દૃષ્ટિ થઈ ગઈ. (૬/૧૨૩)** સારંગપુરના વાઘાખાચર કારણ દેહના ભાવ ટાળવા ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા હતા. જૂનાગઢ આવતાં રસ્તામાં ભગતજીએ તેમને 'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે' તે વાત કરી પણ તેમને રુચ્યું નહિ. જૂનાગઢમાં એક વખત સ્વામીશ્રીની આજ્ઞાથી સર્વે હરિભક્તો મંદિરની વાડીએ પથ્થર તથા નાના કાંકરા વીણી વાડી ચોખ્ખી કરતા હતા. ત્યાં સર્વેને આનંદમાં અલમસ્ત જોઈને વાઘાખાચરે મહુવાના દામા શેઠને પૂછ્યું : 'આ બધાને આનંદ આવે છે તેવો આનંદ મને કેમ નથી આવતો ?' ત્યારે દામા શેઠે કહ્યું : 'તમે આ પ્રાગજી ભક્તમાં વિશ્વાસ લાવી 'સ્વામી મૂળ અક્ષર છે એમ સમજો તો તમને પણ આનંદ થાય.' ત્યારે તેમણે કહ્યુંઃ સ્વામી પંડે કહે તો હું માનું. થોડીવાર પછી ભગતજીની વૃત્તિથી ખેંચાઈને આવેલા ગુણાતીતાનંદ સ્વામીને તેમણે પૂછ્યું : સ્વામી ! આ પ્રાગજી ભણતો છે કે 'સ્વામી આપોઆપ મૂળ અક્ષર છે' તે વાતનું નિરાકરણ કરી આપો. ત્યારે સ્વામી કહેઃ જેમ પ્રાગજી કહે છે તેમજ છે. તે સાંભળીને વાઘાખાચરે પૂછ્યુંઃ 'સ્વામી તમે પંડે અક્ષર ?' એટલે સ્વામીએ 'હા' પાડી. આથી વાઘાખાચરને ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે તે પ્રતીતિ થતાં જ દૃષ્ટિ નિવારણ થઈ ગઈ અને પરમ આનંદ થયો.

૩. **શાસ્ત્રીજી મહારાજ કહેતા ધામ, ધામી અને મુક્ત સાથે હેત રાખવું (૬/૧૧૨)** શાસ્ત્રીજી મહારાજ એક વાત વારંવાર કહેતા કે આપણે રાવણ જેવા કે શૂર્પણખા જેવા ભક્ત ન થવું પણ વિભીષણ જેવા ભક્ત થવું. રાવણને સીતા ઉપર પ્રેમ ને રામ ઉપર રોષ હતો તો તેનું માથું કપાયું. તેમ જો ઉત્તમ ભક્ત જે ગુણાતીત તેની સાથે હેત રાખે અને ભગવાન જે મહારાજ તેનો દ્રોહ કરે તો માથું કપાય. અને શૂર્પણખાને રામ ઉપર પ્રેમ અને સીતા સાથે દ્વેષ હતો તો તેનાં નાક-કાન કપાયાં. તેમ ભગવાન સાથે હેત રાખે અને ઉત્તમ ભક્ત જે ગુણાતીત તેનો દ્રોહ કરે તો પણ નાક-કાન કપાય અને વિભીષણને 'રામ લક્ષ્મણ જાનકી, જય બોલો હનુમાનકી' એવી સમજણ હતી. તેમ આપણે પણ ઉત્તમ ભક્ત જે ધામ, ભગવાન જે ધામી અને તેમના સંબંધવાળા મુક્તો સાથે હેત રાખવું પણ તેમાંના કોઈ એકનો પણ દ્રોહ ન કરવો.

૪. **કલ્યાણની કૂંચી ફક્ત ગુણાતીત પરંપરામાં જ જળવાયેલી છે. (૫/૭૯-૮૧)** ભગવાન જેમના દ્વારા સમ્યક્પણે પ્રગટ છે તેવા અક્ષરબ્રહ્મ સ્વરૂપ ગુણાતીત સંત, અખંડ પૃથ્વી ઉપર વિચરે છે એ જ અનંત જીવોને માટે મોક્ષનું દ્વાર છે અને તે એક જ હોય. ભગવાનનું પ્રગટપણું અક્ષરબ્રહ્મ દ્વારા જ છે. અને અનાદિ અક્ષરબ્રહ્મ એક જ છે. તેથી ભગવાનનું પ્રગટપણું પણ એક જ દ્વારા હોય તે સ્વભાવિક છે. એક કરતાં વધારે ભગવાન હોય તો જગતની સ્થિતિ તે એક જાતની જ ન રહે. તે જ રીતે એક કરતાં વધારે સંતો દ્વારા જો ભગવાન પ્રગટ રહેતા હોય તો આત્યંતિક કલ્યાણની અવ્યવસ્થા ઊભી થાય. જેમ એક રાજાને એકથી વધુ પુત્રો હોય છતાં ગાદીનો વારસદાર તો એક જ ગુણિયલ અને સમર્થ પુત્ર જ હોઈ શકે, એક જ ગાદી પર બધાં જ સંતાનો રાજા ન થઈ શકે તેમ પ્રગટપણાની ગાદીમાં એકી સાથે અનેક ન હોઈ શકે. સદ્‌ગુણોથી વિભૂષિત ઘણા સંતો-ભક્તો હોય એ સંપ્રદાયની શોભા છે, પણ ભગવાનના અનંત કલ્યાણકારી ગુણોનું ધારક સ્વરૂપ એક જ હોય. નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે : 'બીજા ગુણવાન તો ઘણા મળશે, પણ નહિ મળે હરિના મળેલ; નિષ્કુલાનંદ એવા સંત સંબંધે, અનંતનાં પાપ બળેલ. (નિ.કા. સારસિદ્ધિ : ૩૮/૧૦) અહીં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ 'હરિના મળેલ' એમ જે લખ્યું છે તથા શ્રીજીમહારાજે પણ (વચ.વર.-૧૦ અને જે.૧)વચનામૃતમાં 'ભગવાનના મળેલ એવા જે શબ્દો વાપર્યા છે તો 'ભગવાનના મળેલ' એટલે શું ? શ્રીજીમહારાજના મળેલા પાંચસો પરમહંસો હતા તો શું સર્વે થકી આત્યંતિક કલ્યાણની વાત કહી છે ? આ પરમહંસો તથા હરિભક્તો કાંઈ સામાન્ય ન હતા. અનેક ગુણો અને સામર્થિએ યુક્ત પરમહંસો શ્રીજીમહારાજને મળેલા હતા. 'હરિના મળેલ' એટલે આ લાખો હરિભક્તો અને પાંચસો પરમહંસો દ્વારા આત્યંતિક કલ્યાણ કે બ્રહ્મરૂપ થવાની વાત નથી. અને જો સ્થૂળ રીતે શ્રીજીમહારાજને મળેલા હોય તેટલા જ સંતો હરિભક્તો દ્વારા આત્યંતિક કલ્યાણની વાત હોય તો તેમના પછી કલ્યાણનો માર્ગ બંધ થઈ જાય પણ એ શ્રીજીમહારાજને અભિપ્રેત નથી. 'હરિના મળેલ' એટલે ફક્ત શ્રીજીમહારાજની હયાતીના જ હોય એ અર્થ અભિપ્રેત નથી પણ 'હરિના મળેલ' એટલે શ્રીહરિ સાથે અપૃથક્સિદ્ધ સંબંધથી જોડાયેલ. એવો સંબંધ અક્ષરબ્રહ્મને જ છે. બીજા કોઈને નથી. અક્ષરબ્રહ્મ એક જ છે. તો તે દ્વારા પ્રગટપણું પણ એકસ્વરૂપે જ હોય તે સ્પષ્ટ છે. અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ અમદાવાદમાં કેશવપ્રસાદજી મહારાજને કહ્યું કે જેમ તમારા પિતાએ ખજાનાની કૂંચીઓ તમને આપી છે તેમ સ્વામિનારાયણે કલ્યાણની કૂંચી અમને સોંપી છે. પાંચસો પરમહંસોમાંથી ફક્ત એક જ ગુણાતીતાનંદ સ્વામીને સોંપેલ કલ્યાણની કૂંચી આજ પર્યંત ગુરુપરંપરામાં જળવાયેલ છે. જેમના થકી આત્યંતિક કલ્યાણની પ્રતીતિ થતી હોય અને અનંત જીવો જેમના સંબંધે બ્રહ્મરૂપ થઈને અક્ષરધામના અધિકારી થતા હોય એવો ગુરુપરંપરાનો જીવતો-જાગતો વેલો અન્ય પરમહંસનો આજ પર્યંત જળવાયેલો નથી. શ્રીજીમહારાજ અંતર્ધાન થયા પછી આજ સુધી તેમનું પ્રગટપણું એક જ ગુણાતીત સંત દ્વારા રહ્યું છે અને ભવિષ્યમાં પણ એક જ દ્વારા રહેશે એ શ્રીજીમહારાજનો સ્પષ્ટ અભિપ્રાય છે.

**પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચે આપેલાં વાક્યોની પૂર્તિ કરો. (કુલ ગુણ : ૭)**

**(ઉપાસનામાં શું સમજવું ?)**

૧. એ પ્રત્યક્ષ પરબ્રહ્મ પરમાત્મા સહજાનંદ સ્વામી મહારાજ, શ્રીસ્વામિનારાયણ ભગવાન છે. તેઓ જ આપણા સૌના પરમ ઉપાસ્ય છે. અને સદા કાળ પોતાની પ્રત્યક્ષપણે ઉપાસના કરાવવા પોતે અંતર્ધાન થયા પછી પણ સાક્ષાદ્ અક્ષરબ્રહ્મસ્વરૂપ ગુરુહરિ દ્વારા સમ્યગ્, અન્વયસ્વરૂપે સદા પ્રગટ રહે છે. (૧૪૨)

૨. અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના આ તાત્પર્યમાં જ સ્વામિનારાયણ મહામંત્રના અર્થનો સમાવેશ થઈ જાય છે. જેમ કે, સ્વામીરૂપ અર્થાત્ અક્ષરરૂપ થઈને નારાયણની અર્થાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની દાસભાવે ભક્તિ-ઉપાસના કરવી. (૧૪૫)

૩. આત્યંતિક કલ્યાણ માટે મુમુક્ષુએ પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ, તથા તેમના અખંડધારક પ્રગટ અક્ષરબ્રહ્મસ્વરૂપ ગુરુહરિને વિષે નિર્દોષબુદ્ધિ, પરમ દિવ્યભાવ અને પ્રત્યક્ષ પરબ્રહ્મના ભાવથી દૃઢ પ્રીતિ કરવી. મન, કર્મ, વચને તેમનો દૃઢ પ્રસંગ કરી તેમને અતિશય રાજી કરવા. (૧૪૪)

૪. આ રીતે સાધના કરનાર મુમુક્ષુઓ એવા જીવો તથા ઈશ્વરો પરબ્રહ્મની કૃપાથી એકાંતિક ધર્મ સિદ્ધ કરી, બ્રહ્મરૂપ થઈ એટલે કે અક્ષરબ્રહ્મના સાધર્મ્યને પામી પરબ્રહ્મની પરાભક્તિને પામે છે. તેમનાં સઘળાં દુઃખ તથા દોષ કાયમ માટે નાશ પામે છે, અને છતી દેહે પરમાત્માના પરમ આનંદને અનુભવતો રહે છે. (૧૪૪-૧૪૫)

**(ઉપાસનામાં શું ન સમજવું ?)**

૫. એકલા પુરુષોત્તમ જ છે અને અક્ષર (અક્ષરબ્રહ્મ જેવું તત્ત્વ) નથી, તેમ ન સમજવું. (૧૪૬)

૬. પુરુષોત્તમ નારાયણ જે શ્રીજીમહારાજ તે અવતારાદિક કે આચાર્ય ભક્ત જેવા છે, તેમ ન સમજવું. (૧૪૬)

૭. સેવકરૂપે મૂર્તિમાન અક્ષરબ્રહ્મ છે જ નહિ, અક્ષરબ્રહ્મ કેવળ નિરાકાર છે, અથવા કેવળ ધામ છે, અથવા કેવળ દિવ્ય તેજ છે, તેમ ન સમજવું. (૧૪૬)

**પ્ર.૮ ટૂંકનોંધ લખો :** શ્રીજીમહારાજે કહેલો ગુણાતીતાનંદ સ્વામીનો અસાધારણ મહિમા (૬/૧૧૯-૧૨૧) **(કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : ઓછામાં ઓછા ત્રણ પ્રસંગો લખેલા હોવા જોઈએ.**

૧. જુઓ, આ અમારા તિલક. આ જેવા કોઈ સાધુ નહિ ને હું જેવો કોઈ ભગવાન નહિ.

૨. તેમના તો નિરંતરના જામીન અમે છીએ.

૩. એમની આસનથી મોટપ નથી, તેમની મોટપ તો અનાદિની છે.

૪. એ સાધુ સ્વાદ તો મારી મૂર્તિનો લે છે - અમારી પાછળ જેટલા મનુષ્યો ફરે છે તેટલા માણસ તેમની પાછળ પણ ફરે.

૫. સ્વામી ભેગા જે જૂનાગઢ જશે તેની કરોડ જન્મની કસર એક જ જન્મે અમે ટાળીશું.

૬. જૂનાગઢના નવાબ હામદખાનજીને 'અમારાથી નહિ રહેવાય, પણ અમારા જેવા અહીં રાખીશું.

૭. સંપ્રદાયના આશ્રિત સંતોને જૂનાગઢ દર વર્ષે એક માસ રહેવાની આજ્ઞા કરી હતી.

૮. મીઠા વ્હાલા કેમ વિસરું, મારું તમથી બાંધેલ તન હો, તરસ્યાને જેમ પાણીડું વ્હાલું, ભૂખ્યાને ભોજન હો..

**(વિભાગ - ૨ સત્સંગ વાચનમાળા ભાગ ૩, આઠમી આવૃતિ માર્ચ - ૨૦૧૧,**
**યુગવિભૂતિ પ્રમુખસ્વામીમહારાજ છઠ્ઠી આવૃતિ ડિસેમ્બર - ૨૦૧૩)**

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે - ૧ ગુણ, કોને કહે છે - ૧ ગુણ, ક્યારે કહે છે - ૧ ગુણ.**

૧. ''મારા ઈષ્ટદેવ તો આ સંતો છે.'' (૬/૬૦-૬૧) **અથવા** ➫ પર્વતભાઈ - મહારાજને

➫ પર્વતભાઈએ મહારાજને શેરડીના માદળિયાં ધર્યા. મહારાજ તે જમ્યા પછી પર્વતભાઈને પ્રસાદી આપવા લાગ્યા ત્યારે પર્વતભાઈએ કહ્યું : 'મારે તો નિયમ છે. મારા ઈષ્ટદેવ જમે પછી જ મારાથી જમાય.' ત્યારે મહારાજે પૂછ્યું : 'તમારા ઈષ્ટદેવ વળી કોણ ?' ત્યારે

૨. ''તને ભગવાન જરૂર મળશે. તું સરધાર જા.'' (૨/૧૫) ➫ આકાશવાણી - મુકુંદદાસને

➫ ઈશ્વરના સાક્ષાત્કાર માટે બ્રહ્મચર્યવ્રત વગરનું જીવન નિરર્થક છે. એવું દૃઢપણે માનતા મુકુંદદાસ આત્મહત્યા કરવા માટે આંબલીના વૃક્ષ ઉપરથી પડવાનો પ્રયત્ન કરે છે. ત્યારે આકાશવાણી સંભળાય છે.

૩. ''અમારું સર્વોપરીપણું પ્રવર્તાવો, નહિ તો આ દેહમાં સો વર્ષ રાખીશ, હજાર વર્ષ રાખીશ.'' (૧/૯) **અથવા**

➫ મહારાજ - ગોપાળાનંદ સ્વામીને

➫ તે વખતે સત્સંગ સમાજમાં પ્રવર્તતી અવતારાદિકની તંતીના પ્રભાવે છડેચોક મહારાજના સર્વોપરીપણાની વાતો થઈ શકતી નહિ. આથી ઉમરેઠમાં મહારાજે સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું.

૪. ''અમે આ લોકમાં રાજ્ય કરવા નથી આવ્યા.'' (૫/૫૪)

➫ મહારાજ - રાણીને (કુશળકુંવરબાને)

➫ રાણીએ મહારાજને પોતાનું રાજ્ય, ધનભંડાર બધું જ અર્પણ કરી અખંડ રહેવાની પ્રાર્થના કરી. ત્યારે કહે છે.

૫. ''અમને વિશ્વાસ છે કે અમારી પ્રાર્થના કામ કરે જ છે !'' (૫૫) **અથવા**

➫ સ્વામીશ્રી - પત્રકારને

➫ ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ સમયે અનામત આંદોલનના તોફાનો અમદાવાદમાં ચાલુ હતા ત્યારે તેના ઉકેલ માટે સ્વામીશ્રીએ પત્રકારને પોતે પ્રાર્થના કરી હોવાનું કહ્યું, ત્યારે પત્રકારે પૂછ્યું : આપની સંસ્થાએ આ માટે જાતે જઈને શું કાર્ય કર્યું છે ? પ્રાર્થના દ્વારા પ્રશ્ન ઊકલશે ? ત્યારે.

૬. ''તારી બધી જ વ્યવસ્થા કરી આપીશ.'' (૧૯) ➫ સ્વામીશ્રી - યુવાનને

➫ કૌટુંબિક ઝઘડાઓને કારણે માતા-પિતાના સ્નેહથી વંચિત હોસ્ટેલમાં આશરો લઈને રહેલા યુવાનને તેના ભણતર વગેરેની વિગતો પૂછતાં સ્વામીશ્રી કહે છે.

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.**

૧. **આત્માનંદ સ્વામીના ત્યાગ કરતાં મુક્તાનંદ સ્વામીની લાજ ચઢે. (૨/૨૪-૨૫)** મુક્તાનંદ સ્વામીને મહારાજના વચનમાં સારધાર વર્તવાની ટેક હતી. છતાં એમના વર્તનમાં જડતા પણ નહોતી. વચનપાલનમાં તેઓ દેશકાળ પ્રમાણે વિવેક જોતા. એક વાર મારવાડ દેશમાં સ્વામી મંડળ સાથે વિચરતા હતા. તે વખતે ચારેબાજુથી વિરોધીઓ સંતોને ત્રાસ આપતા. ભિક્ષા માગીને નિર્વાહ કરતા સંતોને ક્યારેક અન્ન પણ મળતું નહિ અને ઉપવાસ થતા. આ મંડળને પણ અહીં ત્રણ દિવસના ઉપવાસ થયા. ચોથે દિવસે એક બ્રાહ્મણ આવ્યો. મુક્તાનંદ સ્વામીએ તેને ઉત્તમ જ્ઞાનોપદેશ આપ્યો. આથી બ્રાહ્મણને ગુણ આવતાં ભૂખ્યા સંતો માટે ખીચડી રંધાવી. સંતોને ત્યારે ગળ્યા-ચીકણાના વર્તમાન હતા. તેથી સ્વામીએ બ્રાહ્મણને ખીચડીમાં ઘી નાખવાની ના પાડી હતી. ભગવાનને થાળ ધરાવ્યો. સંતોની જમવાની પંક્તિ થઈ અને આત્માનંદ સ્વામીના પાત્રમાં ખીચડી પડી. તેમને ઘીની સહેજ સુગંધ આવી. તેથી એકદમ બોલ્યાઃ 'અનિડો, ઘી ગંધાય છે !' એમ કહી ઊભા થઈ ગયા. પંક્તિમાં ગભરાટ ફેલાયો. મોંમાં આવેલો કોળિયો ઝૂંટવાઈ જતો લાગ્યો. બ્રાહ્મણ મૂંઝાયો. તેણે સ્વામીને વાત કરી 'મેં ખીચડીમાં ઘી નાખ્યું જ નથી. આ તો ભગવાનના થાળની ખીચડીમાં ઘી નાખેલું, તે પ્રસાદીની ખીચડી બીજી ખીચડી સાથે ભેળવી તેથી તેની સુવાસ આવતી હશે. ત્રણ દિવસના ભૂખ્યા સંતોને ભોજનથી વંચિત રાખવા તે તેમનાં પ્રાણ લેવા સમાન હોવાથી સ્વામીએ આપત્કાળ સમાન ધર્મસંકટમાં મહારાજને સંભારી સંતોને કહ્યું : 'તમે સૌ જમી લો અને આજ્ઞાભંગ નિમિત્તે મહારાજ ઠપકો દેશે તો મારે માથે.' સંતો જમીને તૃપ્ત થયા. વચનની મૂર્તિ સમા આત્માનંદ સ્વામી ન જમ્યા. મહારાજને આ વાતની ખબર પડતાં રાજી થતા કહ્યું : 'આત્માનંદ સ્વામીના ત્યાગ કરતાં મુક્તાનંદ સ્વામીની લાજ ચઢે.' કારણ સ્વામીએ સંતોને નભાવ્યા હતા. 'સત્સંગની મા' સમાન સ્વામીએ આવા અનેક પ્રસંગોએ સદ્‌ગુણોની ફોરમ ફેલાવી હતી. **અથવા**

૨. **ગોપાળાનંદ સ્વામીએ દૂધના દેગડા ઢોળાવી નંખાવ્યા. (૩/૩૫)** નિષ્કુળાનંદ સ્વામીની ત્યાગ-વૈરાગ્યની છટા નિરાળી હતી. સાથે

આકરી પણ હતી. પોતે ધોલેરા જેવા નાના અંતરિયાળ ગામના મંદિરમાં જ રહેતા. મોટા મોટા શહેરમાં વિષયનો જોગ થાય તેથી તેઓ મોટા શહેરમાં જતા નહિ. એક વખત ગોપાળાનંદ સ્વામીના અતિશય આગ્રહથી વડોદરા ગયા. ગોપાળાનંદ સ્વામીએ ખાસ દૂધપાકની રસોઈ કરાવવા દૂધ મંગાવ્યું હતું. નિષ્કુળાનંદ સ્વામી ભંડારમાં ગયા અને જોયું તો દૂધના ભરેલા દેગડા પડેલા. આ જોઈ પોતે પોટલાં બાંધીને જવા તૈયાર થયા જ્યારે ગોપાળાનંદ સ્વામીએ આ બાબત પૂછ્યું. ત્યારે સ્વામીએ કહ્યું. 'આવી દૂધની રેલમછેલ ઉડતી હોય ત્યાં ત્યાગીથી રહેવાય જ કેવી રીતે ?' આમ તેમનો અતિશય ત્યાગ જોઈને ગોપાળાનંદ સ્વામીને પણ તેમની વાત સત્ય લાગી. તેથી ગોપાળાનંદ સ્વામીએ દૂધના દેગડા ઢોળાવી નાંખી સાદી રસોઈ કરવાની ખાતરી આપી ત્યારે જ નિષ્કુળાનંદ સ્વામી વડોદરા રોકાયા.

૩. **આટલી બધી પ્રવૃત્તિઓ કરવા છતાં પ્રમુખસ્વામી મહારાજ કાયમ ફ્રેશ રહે છે. (૧૬)** સ્વામીશ્રી ગમે તેટલી પ્રવૃત્તિ હોય તો પણ માથે લેતા નથી. જે પરિણામ આવે છે, તે ભગવાનની ઈચ્છાથી આવે છે એટલે કોઈ જાતનો બોજો લાગતો નથી. ભગવાનની આજ્ઞામાં રહીને, મૂર્તિમાં રહીને કરે છે. હું કરું છું, મેં કર્યું તેમ ભાવ લાવ્યા સિવાય ભગવાનને આગળ કરીને કરીએ તો બોજો લાગે નહીં. 'હું' કર્તા નથી, કર્તા ભગવાન છે. 'હું પણું' મૂકી ભગવાનમાં, ગુરુમાં ખોવાઈ જવાનું છે. તેમની મરજી પ્રમાણે આપણા ભાવ મૂકીને સર્વકર્તા ભગવાન છે તેમની ઈચ્છાથી થાય છે - તેમ ભાવ રાખીને કરીએ તો આનંદ ચોવીસ કલાક રહે. **અથવા**

૪. **સ્વામીશ્રી ઘણીવાર રાત્રે પ્રાર્થના કરે છે. (૫૪)** લંડનમાં બિરાજમાન સ્વામીશ્રીની રૂમમાં મોડી રાત્રે સ્વામિનારાયણ ..... મહામંત્રનો અવાજ આવતાં સેવકસંત જાગીને જુવે છે તો સ્વામીશ્રી પથારીમાં પ્રાર્થનામુદ્રામાં બેઠા બેઠા મહામંત્ર રટતા હતા. સેવક પણ સાથે ધૂન કરવા લાગ્યા. ઘણો બધો સમય વીતી ગયા પછી સેવકે સ્વામીશ્રીને પૂછ્યું બાપા ! પોઢવું નથી ? શાની પ્રાર્થના ધૂન કરો છો ? ત્યારે સ્વામીશ્રી કહે છે : ભારતમાં દુષ્કાળ છે, તેથી વરસાદ વરસે તે માટે પ્રાર્થના કરું છું. જેથી સુકાળ થાય ને મનુષ્ય- પશુ-પ્રાણી સર્વે સુખી થાય. સેવકે પૂછ્યું 'આવી પ્રાર્થના ક્યારે કરો છો ? ત્યારે સ્વામીશ્રીએ કહ્યું ઘણીવાર રાત્રે પ્રાર્થના કરું છું, જે લોકો દિવસ દરમ્યાન મારી પાસે એમના પ્રશ્નો લઈને આવે છે તેમના માટે કરું છું. પરહિત માટે મધરાતે જાગી જઈને પ્રાર્થના કરનારા એ મહાપુરુષની ભજનની લગનીને સેવક આશ્ચર્યથી જોઈ રહ્યા. ત્યાં તો ખળખળ વહેતી પરોપકારની ગંગા જેવો સ્વામીશ્રીનો ધીમો મધુર નાદ ગુંજવા લાગ્યો.

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.**

૧. **લાલજી ભક્તને ભાદરામાં થયેલો શ્રીજીમહારાજના સ્વરૂપનો દૃઢ નિશ્ચય (૩/૩૦-૩૧)** ભાદરાના પાદરથી પસાર થતી ઊંડ નદીને કાંઠે મહારાજ સૌ ભક્તમંડળી સાથે પહોંચ્યા. નદીમાં પાણી બે કાંઠે હતું. પુષ્કળ પાણી જોઈ જળવિહાર કરવા મહારાજે સંકલ્પ કર્યો. લાલજી ભક્તને મહારાજે એક તરાપો બનાવી લાવવા કહ્યું. 'જરૂરી સાધન વગર એકદમ તરાપો કેમ બનાવવો ?' - લાલજી ભક્તને પ્રશ્ન થયો. મહારાજ કહે કે ''આપણે નદી પાર કરવી જ છે માટે એક ચલાખો (ચોફાળ-ખાદીનો કટકો) લાવો. વચનમાં વિશ્વાસી લાલજી ભક્ત ચલાખો લાવ્યા. સૌના મનમાં એમ થતું કે ''મહારાજ શું કરશે ? ચલાખો શું પાણી ઉપર તરશે ?'' અને સૌના આશ્ચર્ય વચ્ચે મહારાજે ચલાખો પાણીમાં તરતો મૂક્યો અને પોતે એના ઉપર બેસી ગયા. સૌ ભક્તો તો જોઈ જ રહ્યા કે સ્વપ્ન તો નથી ને ! મહારાજની આજ્ઞાથી મૂળજી શર્મા, લાલજી ભક્ત, રત્ના ભગત અને ડોસા ભગત પણ ચલાખા ઉપર બેઠા. મહારાજની ઈચ્છાથી ચલાખો પાણી ઉપર તરવા લાગ્યો અને થોડી વારમાં તો સૌ સામે પાર આવી પહોંચ્યા. આવું અલૌકિક આશ્ચર્ય જોઈ લાલજી ભક્ત તથા બીજા ભક્તોને મહારાજના સ્વરૂપનો નિશ્ચય વિશેષ દૃઢ થયો. **અથવા**

૨. **મુક્તાનંદ સ્વામીની તિતિક્ષા (સહનશીલતા) (૨/૨૩)** મુક્તાનંદ સ્વામીને મહારાજની આજ્ઞા - અખંડ સાંપ્રદાયિક સાહિત્યની રચના કરવી - પોતાની શારીરિક પ્રકૃતિ સારી ન હતી છતાં તેઓ આ કાર્યમાં રત - દેહની જરા પણ સાર સંભાળ નહિ - એક વખત ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી તેમના આસને ખબર પૂછવા - સ્વામી જમતા હતા - જમી રહ્યા એટલે પાત્રમાં રહેલી ખીચડી નિત્યાનંદ સ્વામીએ પ્રસાદ રૂપે મોઢામાં મૂક્તાં જ કાંકરાની કડકડાટી - નિત્યાનંદ સ્વામીની અકળામણ - આવું કોણ જમાડે છે ? મુક્તાનંદ સ્વામીના સેવકને બોલાવી ઠપકો - 'માંદા સંતને આવું જમાડો છો. અનાજ સાફ કરીને તો રાંધો.' લહિયા સેવકનો જવાબ - સાફસૂફ કરું તો લખું ક્યારે ! કોઠારમાંથી જેવું મળે એવું રાંધી દઉં છું. મારાથી વિશેષ નહિ બને. સેવકની ઉદ્ધતાઈ જોઈ ગોપાળાનંદ સ્વામીએ અનોપમાનંદ સ્વામીને બોલાવી મુક્તાનંદ સ્વામીને અનુકૂળ રસોઈ બનાવી જમાડવાની આજ્ઞા - જ્યારે તેમણે જાણ્યું કે મુક્તાનંદ સ્વામી તો આવું જ જમે છે ત્યારે ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીને થયું કે આવું તો મુક્તાનંદ સ્વામી જ સહન કરે. આ પ્રસંગ મુક્તાનંદ સ્વામીની તિતિક્ષાની સીમારૂપ છે એટલે કે અપાર સહનશક્તિનું દર્શન કરાવી જાય છે.

૩. **ભાષાનાં બંધનોથી પર પ્રમુખસ્વામી મહારાજ (૨૫)** સને ૧૯૮૦ની વિદેશયાત્રામાં સાઉથ આફ્રિકાના જહોનિસબર્ગમાં સન્ડે ટ્રીબ્યુન (Sunday Tribune)ના અંગ્રેજી પત્રકારે વીસેક મિનિટ સ્વામીશ્રી સાથે વાર્તાલાપ કર્યો. તે સમયે આત્મસ્વરૂપ સ્વામી દુભાષિયા તરીકે સેવા આપતા હતા. તેમાં પત્રકારે કહેલો છેલ્લો પ્રશ્ન 'તમે સ્ત્રીઓને દૂર રાખો છો, તો તેઓ ઉપેક્ષાનો કે ભેદભાવ થઈ રહ્યાનો અનુભવ નથી કરતી ?' દુભાષિયા તરીકે સેવા આપતા આત્મસ્વરૂપદાસ સ્વામી તેનું ગુજરાતી કરે તે પહેલાં જ સ્વામીશ્રીએ કહ્યું, 'એને કહો કે હિન્દુસ્તાનમાં પોતે આવીને જુએ ! લાખો સ્ત્રીઓ સ્વામિનારાયણનું ભજન કરે છે. પણ કોઈને એવો ભાવ થતો નથી.' સ્વામીશ્રીએ ગુજરાતીમાં આપેલા ઉત્તરનું અંગ્રેજી થાય તે પહેલાં ગોરો રીપોર્ટર પણ અંગ્રેજીમાં ઉત્તર લખવા માંડ્યો. તેણે શું લખ્યું છે તે આત્મસ્વરૂપ સ્વામીએ સાંભળ્યું તો જણાયું કે સ્વામીશ્રીએ જેવો ઉત્તર આપ્યો હતો તેવો જ તેણે લખ્યો. આમ સત્પુરુષને ભાષાનાં બંધન હોતાં નથી. **અથવા**

૪. **પ્રમુખસ્વામી મહારાજનું કાર્ય (૯, ૧૪-૧૫)** એક નાનકડા બિંદુમાંથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાને હિન્દુત્વના વિશ્વવ્યાપી આંદોલન સુધી પ્રમુખસ્વામી મહારાજે પહોંચાડી છે. પ્રતિકૂળ સંજોગો, કુદરતી આફતોનો કોપમાં પણ અવિરત વિચરણ. ભાંગતુ મન સાચવવા પીરસાયેલ થાળ પણ પાછો ઠેલીને પધરામણીએ ગયા છે. માનવ-ઉત્કર્ષની અસંખ્ય પ્રવૃત્તિઓ કરી છે. સમાજસેવાનું એકપણ ક્ષેત્ર વણસ્પર્શ્યું રાખ્યું નથી. દુષ્કાળ, પૂર, વાવાઝોડાં, ભૂકંપ જેવી કુદરતી આફતોમાં માનવ સહાય માટે અનન્ય પુરુષાર્થ કર્યો છે. વેરઝેર મિટાવવાં, ધીંગાણા નાબૂદ કરવાં, કોમી રમખાણો, વિવિધ આંદોલનોમાં શાંતિના પ્રયાસ કર્યા છે, કેળવણીના ક્ષેત્રમાં અદ્વિતીય યોગદાન આપ્યું છે. દહેજ, અસ્પૃશ્યતા જેવા સામાજિક કલંકો દૂર કરવામાં સતત પુરુષાર્થશીલ રહ્યા છે. સાક્ષરતા, જળસંચય અભિયાન, વ્યસનમુક્તિ, અક્ષરધામ, લંડન મંદિર જેવા સાંસ્કૃતિક સંકુલો, સેંકડો સંસ્કારધામ, મંદિરોના સર્જનો, દેશ-વિદેશમાં બાળ-બાલિકા, કિશોર-કિશોરી મંડળ, યુવક-યુવતી, મહિલામંડળો દ્વારા વિરાટ સંસ્કાર અભિયાનો, વિદેશમાં ભારતીય સંસ્કૃતિનો ઉદ્‌ઘોષ કર્યો. સંસારીઓના અંગત પ્રશ્નો-કુટુંબના ઝઘડા, ધંધામાં ભાગીદારીના, નોકરીના, ભણતરના, સ્વાસ્થ્યના, નવી પેઢીના પ્રશ્નોનો સ્વજનની જેમ રસ લઈને ઉકેલ લાવ્યા. સાત લાખ કરતાં વધુ પત્રો દ્વારા સલાહ, સૂચન અને માર્ગદર્શન આપ્યાં છે. આ બધા કાર્યો વચ્ચે પણ ક્યારેય સિદ્ધાંતોમાં સમાધાન નથી કર્યું. પંચવર્તમાનમાં આજીવન શુદ્ધ રહ્યા છે.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)** **☞ નોંધ : અડધા સાચા જવાબના ગુણ આપવા નહિ.**

૧. વરતાલમાં કોણે ગુણાતીતાનંદ સ્વામીને ઓળખ્યા ? (૪/૪૬)

જ. વરતાલમાં રઘુવીરજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને ઓળખ્યા.

૨. લાલજી સુથાર બાળપણમાં કોની સાથે ગોષ્ઠિ કરતા હતા ? (૩/૩૦)

જ. લાલજી સુથાર બાળપણમાં મૂળજી શર્મા સાથે ગોષ્ઠિ કરતા હતા.

૩. શ્રીજીમહારાજની દૃષ્ટિએ પર્વતભાઈ અને ગોરધનભાઈ કેમ ખરેખરા સત્સંગી હતા ? (૬/૬૩)

જ. 'પોતાના આત્માને અક્ષરરૂપ માનીને ત્રણે અવસ્થામાં મહારાજને નિરંતર દેખતા હતા' તેથી શ્રીજીમહારાજની દૃષ્ટિએ પર્વતભાઈ અને ગોરધનભાઈ ખરેખરા સત્સંગી હતા.

૪. પ્રમુખસ્વામી મહારાજે કયાં બે ગામોનાં ૨૦૦ વર્ષ જૂનાં અપૈયા તોડાવ્યાં ? (૫૦)

જ. પ્રમુખસ્વામી મહારાજે કૂકડ અને ઓદરકા ગામોનાં ૨૦૦ વર્ષ જૂનાં અપૈયા તોડાવ્યાં.

૫. 'આપ ઈશ્વર છો કે માણસ ?' આ પ્રશ્નનો સ્વામીશ્રીએ કોગ્સવેલને શો જવાબ આપ્યો ? (૨૧)

જ. 'આપ ઈશ્વર છો કે માણસ ?' આ પ્રશ્નનો સ્વામીશ્રીએ કોગ્સવેલને જવાબ આપતાં કહ્યું : 'અમે તો સેવક છીએ.'

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૩ (૭/૬૭) **૨.** ૧, ૨, ૩ (૫/૪૯-૫૦) **૩.** ૧, ૩ (૧૮) **૪.** ૨, ૪ (૩૩)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૫)**

**☞ નોંધ : નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

૧. **બધી સમસ્યાઓનું મૂળ - સ્વભાવ :** (૧) વિશ્વમાં, રાષ્ટ્રમાં, રાજ્યમાં કે સમાજમાં અરે, કુટુંબમાં અને વ્યક્તિગત અનેક સમસ્યાઓ - વ્યક્તિએ વ્યક્તિએ અગણિત સમસ્યાઓ - પ્રશ્ન એ થાય કે આ સમસ્યાઓના મૂળમાં શું હશે ? (૨) આ તમામ સમસ્યાઓના મૂળમાં તો સ્વભાવ જ જણાય. મનુષ્યમાં રહેલ જન્મજાત પ્રકૃતિ અથવા સ્વભાવ તેને કારણે જ માનવી-માનવી વચ્ચે, જ્ઞાતિ-જ્ઞાતિ અને રાષ્ટ્રો-રાષ્ટ્રો વચ્ચે લડાઈ, ઝઘડા, યુદ્ધો. (પ્રસંગો લખવા) (૩) સ્વભાવ એટલે વાસના, અંતરમાં પડેલ ઈચ્છાઓ, દોષ તેમજ કામ, ક્રોધ, લોભ, મોહ, માયા, મદ, મત્સર, ઈર્ષ્યા, અસૂયા આ બધા સ્વભાવગત દોષ - મનુષ્યના અંતરમાં રહેલ આ દોષો જીવ સાથે જડાયેલા છે. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે 'પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય છે.' શ્રીજીમહારાજ પણ વચનામૃતમાં કહે છે કે 'જ્ઞાની મનુષ્યનું પણ પ્રકૃતિ સરખું આચરણ છે.' (૪) આ બધા સ્વભાવોને કારણે અનેક પ્રકારની સમસ્યાઓ - મનુષ્ય સંસાર છોડી શકે છે પણ પ્રકૃતિ છોડી શકતો નથી. સત્સંગમાં તેમજ પરોક્ષમાં પણ આવા દૃષ્ટાંતો આપી શકાય. (૫) સ્વભાવ કે પ્રકૃતિ સુધારવાનો પ્રયત્ન કરવામાં આવે તો અનેક સમસ્યાઓમાંથી માર્ગ નીકળે જ છે. (દૃષ્ટાંતો આપવા) સ્વભાવ અથવા પ્રકૃતિથી અનેક ગેરલાભ છે. છતાં મનુષ્ય તેમાંથી બહાર આવી શકતો નથી અને સમસ્યાઓની હારમાળા સર્જાય છે. (પ્રસંગો સત્સંગના, પરોક્ષના , કીર્તનો, શ્લોકો, સાખીઓ લખી શકાય.) (૬) જો આમ જ સ્વભાવવશ વ્યક્તિ વર્ત્યા જ કરે તો દરેક ક્ષેત્રે અનેકગણું નુક્સાન (પ્રસંગો) પરંતુ જ્યાં સ્વભાવ જીતાય છે, પ્રકૃતિ પર કાબૂ મેળવાય છે ત્યાં વ્યક્તિ કે સમાજ, જ્ઞાતિ કે રાષ્ટ્ર પણ

આપત્તિઓમાંથી અચૂક બહાર આવી શકે છે. (પ્રકૃતિ બદલીને વર્ત્યા અને લાભ થયા હોય તેવા દૃષ્ટાંતો આપવા) કોઈએ લોભ મૂક્યો, કોઈએ કામ મૂક્યો, ઈર્ષ્યા મૂકે તો સમસ્યાઓ હલ થઈ ગઈ. આધ્યાત્મિક ક્ષેત્રે સાધના કરનાર સાધકોને પણ સ્વભાવો અથવા દોષો નડે છે અને સાધનામાર્ગમાં અવરોધ આવે છે. (ઋષિઓના દૃષ્ટાંતો આપવાં) (૭) શ્રીજીમહારાજ કહે છે કે ભગવાન અને સંતનો મહિમા સમજાય, સત્સંગનો મહિમા સમજાય તો પ્રકૃતિ ટળી જાય છે. દોષોના કારણે સાધનામાર્ગમાંથી પાછા પડી જવાથી મોક્ષમાર્ગમાં અવરોધ આવે છે તેવી અંતર્દૃષ્ટિ થાય તો સ્વભાવ ટળે. સ્વભાવને કારણે જન્મ-મરણના ચકરાવામાં ભટકવું પડશે. તેમાંથી બહાર નીકળવા માટેનું જ્ઞાન થાય તો સ્વભાવો ટળે. ભગવાન અને સંતોએ સ્વભાવ જીત્યા છે તે સામી દૃષ્ટિ રહે અને સત્સંગનો ખપ હોય તો પ્રકૃતિ ટળે. આ અંગે શ્રીજીમહારાજ તથા ગુરુપરંપરાએ આપેલ ઉપદેશનો ઉલ્લેખ કરી શકાય. (૮) ઉપસંહાર : આમ ભલે સર્વ સમસ્યાઓનું મૂળ સ્વભાવ છે છતાં સમસ્યાઓના ઉપાય પણ શ્રીજીમહારાજે બતાવેલ છે. સત્સંગમાં એક પશુનો સ્વભાવ સુધારીને શ્રીજીમહારાજે અણછાજતા સ્વભાવ સુધારી શકાય છે તેનું દૃષ્ટાંત આપીને અંતર્દૃષ્ટિ દ્વારા સ્વભાવ સુધારીને અનેક સમસ્યાઓના મૂળમાં રહેલ સ્વભાવ ટાળી શકાય છે. તે આપણને સમજાવ્યું છે.

૨. **એકાંતિક થઈએ, પરમ એકાંતિકને સંગ (સ્વામિનારાયણ પ્રકાશ - ઑગસ્ટ - ૨૦૧૩, પા. નં. ૪ થી ૭)** (૧) ભારતીય સંસ્કૃતિ એક અધ્યાત્મ પ્રધાન સંસ્કૃતિ - જન્મથી લઈને મૃત્યુ સુધી દરેક પગથિયે અધ્યાત્મની સુવાસ - સંસ્કાર એ આપણી સંસ્કૃતિના લોહીમાં વણાયેલું પવિત્ર રસાયણ - તેથી જ કોઈપણ વ્યક્તિની કિંમત અધ્યાત્મ અને સંસ્કારના ત્રાજવે તોલીને જ થાય છે. (૨) અધ્યાત્મ અને પવિત્ર સંસ્કારોની ઉચ્ચ ભૂમિકા પર પહોંચનાર મુમુક્ષુને શ્રેષ્ઠ આનંદ અને સુખની અનુભૂતિ - તેથી જ આ ભૂમિકા પર પહોંચવા માટે યુગે યુગે મહાન આચાર્યો દ્વારા સમયે સમયે માર્ગદર્શન - કોઈએ આ ભૂમિકા પર પહોંચવા માટે જ્ઞાનને મહત્ત્વનું ગણ્યું છે. કોઈએ વ્યક્તિને સવિશેષ મહત્ત્વ, કોઈ દ્વારા સદાચાર રૂપી ધર્મને તો કોઈકે વૈરાગ્યને પ્રાધાન્ય આપ્યું છે. દરેકે કશાકને ગૌણ અને કશાકને મુખ્ય ગણાવ્યું. પરંતુ ભગવાન સ્વામિનારાયણે તો અધ્યાત્મિકતાની સર્વશ્રેષ્ઠ કક્ષાએ પહોંચવા માટે કશાયને ગૌણ ન ગણ્યું. ત્યાગ-ભાગ ન કર્યો. ચારે અંગોનો સમન્વય (ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ) સાધીને એક સર્વાંગ સંપૂર્ણ માર્ગ ચીંધ્યો. તેનું નામ જ એકાંતિક ધર્મ - આથી જ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણને 'એકાંતિક ધર્મ સંસ્થાપક' અને એકાંતિક ધર્મ પ્રર્વતક બિરુદ આપીને વંદના કરી છે. આ એકાંતિક ધર્મ એટલે માત્ર 'રિલિજિયન' નહિ પણ સર્વ સદ્‌ગુણોનો એક એવો સમન્વય, જે મુમુક્ષુએ પોતાના જીવનમાં સાકાર કરવાનો આવશ્યક છે - જેના જીવનમાં આ સદ્‌ગુણોની સિદ્ધિ તેને ભગવાન સ્વામિનારાયણ દ્વારા 'એકાંતિક'નું બિરૂદ - એકાંતિક એટલે એક ઉચ્ચ આધ્યાત્મિક જીવન, એકાંતિક એટલે પરમાત્માનો પ્રિય અને સર્વોત્તમ ભક્ત, સેવક, સર્વોત્તમ વ્યક્તિત્વ. (૩) એકાંતિકના જીવનમાં પાયાની બાબતોની ભગવાન સ્વામિનારાયણ દ્વારા સ્પષ્ટતા - વચનામૃતમાં સદાચાર રૂપી ધર્મ, આત્મા-પરમાત્માનું જ્ઞાન, દૃઢ, વૈરાગ્ય અને ભગવાનની માહાત્મ્ય સહિત નિષ્કામ ભક્તિ. એકાંતિકના જીવનમાં આ ચાર મહત્ત્વના સ્તંભો (ગ.પ્ર. ૨૧) આ ચારેયનું લક્ષ્ય પરમાત્માની પ્રાપ્તિ. જેના જીવનમાં એક માત્ર પરમાત્માનું જ અંતિમ સ્થાન એટલે કે જેને માત્ર અને માત્ર એક જ આશ્રયસ્થાન પરમાત્મા છે એવો ભક્ત. અન્ય શાસ્ત્રોમાં તેમજ વાસુદેવ માહાત્મ્યમાં ક્યાંક આ એકાંતિકની વાત છે. પરંતુ ભગવાન સ્વામિનારાયણની એકાંતિકની વ્યાખ્યા અદ્વિતીય. (૪) આવા એકાંતિક ભક્ત થવાનું અંતિમ ધ્યેય મહારાજે સમજાવ્યું અને તમામ ભક્તોને ભારપૂર્વક કહ્યું કે, 'એકાંતિક નહીં થાઓ ત્યાં સુધી મુક્તિ નહિ મળે અને અક્ષરધામમાં નહિ પહોંચાય. કોઈપણ મુમુક્ષુ પોતાના બળથી એકાંતિક સ્થિતિને પામતો નથી. એકાંતિક સત્પુરુષ થકી જ એકાંતિક થવાય છે. (વચ.ગ.પ્ર. ૪૭, ૬૦) આ માટે એવા એકાંતિક સત્પુરુષની પરંપરા આજ પર્યંત જીવંત રાખી - તેમના વિના એકાંતિક ધર્મનું અસ્તિત્વ અસંભવિત - આવા એકાંતિક સત્પુરુષ વર્તમાનકાળે વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજ - તેમના દ્વારા એકાંતિક ધર્મ સાકાર કર્યો - અનેક લોકોના હૃદયમાં એકાંતિક પદ સુધી પહોંચવાનું મહાન ધ્યેય રોપ્યું - આનું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે તાજેતરમાં અમેરિકાની ભોગવાદી ધરતી પર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા યોજાયેલ એક અદ્‌ભૂત અવિસ્મરણીય, અનન્ય અવસર બી.એ.પી.એસ. નેશનલ કન્વેન્શન - ૨૦૧૩. (૫) અમેરિકાની ભોગવાદી ધરતી પર એક અભૂતપૂર્વ સંમેલન - આજની યુવા પેઢી ભૌતિકવાદી - તેની સામે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની ઉચ્ચ આધ્યાત્મિક ધ્યેય સાથે ઉછરતી પેઢી સ્વામીશ્રીની પ્રેરણાથી મોક્ષના પંથે આવી શિબિરો દ્વારા આગેકૂચ - એકાંતિક થવાના લક્ષ્યને વીંધવા માટે ભૌતિકતા અને આધ્યાત્મિકતાના ત્રાજવા પર હજારો અર્જુનો એકત્ર થયા હતા. અમેરિકાની ધરતી પર હિન્દુ બાળકો - યુવાનોનું આ સૌથી મોટું સંમેલન - કુલ ૯,૦૦૦ જેટલા બાળકો - કિશોરો - યુવાનો એકત્રિત થયા હતા ત્યારે ઉપનિષદ-કાલિન હજારો ઋષિકુમારો ઊતરી આવ્યા હોય તેવું પવિત્ર વાતાવરણ - અહીં તો મૃત્યુ પછીના મોક્ષની ઉધાર મોક્ષની વાત ન હતી. રોકડા મોક્ષની છતી દેહે જ મળતા મોક્ષની વાત - આ કન્વેન્શનનું કેન્દ્રીય સૂત્ર જ હતું 'એકાંતિક થઈએ' - મારું જીવન સ્વામીશ્રીને સંગ. દસ-બાર દિવસ સુધી આ પેઢીને સતત જકડી રાખે તેવા કાર્યક્રમોની હારમાળા - તેમાં હૃદયસ્પર્શી સંદેશ - વ્યક્તિગત પ્રશ્નોથી લઈને પારિવારિક પ્રશ્નોની ઊંડી અને તલસ્પર્શી છણાવટ - લાગણીશીલ અને દિલધડક, ચોટદાર પ્રસંગોની જીવતંતા - નાનાં ભૂલકાઓ, કિશોરો, યુવાનો દ્વારા મંચ પર જઈને આધ્યાત્મિક મૂલ્યોની દૃઢ વિશ્વાસ સાથે છટાદાર રજૂઆતો - યુવાનોની વાતોમાં ખુમારી હતી, દમ હતો, વાસ્તવિકતા હતી અને સૌથી વિશેષ તો એ સૌનાં પ્રાણપ્યારાં પ્રમુખસ્વામી મહારાજ વિષેની અનહદ પ્રીતિ અને પ્રતીતિ છલકાતી હતી. તેથી સૌને એક જુદી જ ઊર્જાનો અનુભવ - સ્વામીશ્રીની પ્રત્યક્ષ ઉપસ્થિતિનો અનુભવ - આ સ્વામીશ્રી

પ્રત્યેના સ્નેહને કારણે સ્વામીશ્રીની દિવ્ય દેહે હાજરીની પ્રતીતિ - આ સંમેલન એક ચમત્કાર, એક સિદ્ધિ. (૬) એક તરફ સમસ્ત વિશ્વ માટે આજની નવી પેઢીનું વર્તન ચિંતાજનક - યુવાનોની વધતી જતી સમસ્યાઓથી સમસ્ત વિશ્વને મૂંઝવણ - બીજી તરફ આવા સમયે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા નવી પેઢીના ઉચ્ચ આધ્યાત્મિક ઘડતરનું કાર્ય સૌને પ્રભાવિત - આજથી ૬૦ વર્ષ પહેલાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ દ્વારા સંસ્થાની બાળ અને યુવા પ્રવૃત્તિનાં બીજનું વાવેતર - તે વખતે ઘણાંને મન આ પ્રવૃત્તિ તુચ્છ - સાવ નગણ્ય - પરંતુ યોગીજી મહારાજનું આ પ્રવૃત્તિનું સ્વપ્ન વિશ્વવ્યાપી વટવૃક્ષનું - યુરોપ, ઈંગ્લેન્ડ, અમેરિકા રંગવાના સંકલ્પો - તેને માટે સંસ્કારી યુવકો તૈયાર કરવાના સંકલ્પો - એક નિઃસ્વાર્થ, મહાપુરુષનું જગતને માટે કલ્યાણકારી આ સ્વપ્ન. યોગીજી મહારાજની આર્ષ દૃષ્ટિ - પરંતુ ઘણાંને તે વાતો પ્રોત્સાહન ખાતર હોય તેવી લાગતી પણ યોગીજી મહારાજને ચિરંતન સમય સુધીનું મહાન સ્વપ્નનો વિચાર - તે વિચારને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી દ્વારા ચરિતાર્થ. (૭) ૧૯૫૮માં અભ્યાસ માટે ગયેલ નવયુવાન મુકુંદભાઈ પટેલ અને શ્રી વનરાજ મહેતાને અમેરિકામાં યુવકમંડળ સ્થાપવાનો પત્ર દ્વારા આદેશ - 'તમો એવું (યુવક)મંડળ સ્થાપો જે હજારો માણસો સત્સંગમાં આવે. હવે તમો ત્યાં છો તો હવે યુવક મંડળ સ્થાપો તે થઈ જાશે.' 'તમો હવે તે કામ કરશો. હિન્દુભાઈ ત્યાં આપણા ઘણા જ છે. તો બધાને શોધીને મળવું. તો ખટકો રાખવો. રાત્રે સગવડે વચનામૃતની કથા કરવી, તો જ્ઞાન થશે... અત્યારે સ્વામિનારાયણને પ્રતાપે સત્સંગનો વાવટો યુવકો દ્વારા જ થવાનો છે - તે સમયે યોગીજી મહારાજના આ શબ્દો ઊગી નીકળશે તે વાત સૌને કલ્પના બહારની - પ્રત્યક્ષ અથવા વીડિયો દ્વારા આ કન્વેન્શન જોનારા સૌ તાજ્જુબ - આ હજારો યુવાનોનું સંસ્કારધન જોઈને સૌ આશ્ચર્યચક્તિ - આની પાછળ યોગીજી મહારાજના દિવ્ય આશીર્વાદ તથા છેલ્લા ચાર-ચાર દાયકાઓથી પોતાની તમામ શક્તિઓ રેડી દઈને યુવાશક્તિના જાગરણ માટે પ્રચંડ પુરુષાર્થ કરનાર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની અપાર કૃપાદૃષ્ટિ - નિર્વ્યાજ વાત્સલ્યથી ભીંજવીને સૌને પોતાના વિરાટ આધ્યાત્મિક અભિયાનમાં જોડ્યા છે - એક તરફ આધ્યાત્મિક મૂલ્યોનું ધોવાણ ત્યારે હજારો બાળકો - યુવાનો અધ્યાત્મના ઉચ્ચ શિખર પર પહોંચાડનાર, લગની લગાડનાર સ્વામીશ્રીના ચરણોમાં સૌ ળળી પડે છે. ભગવાન સ્વામિનારાયણના પૃથ્વી પર પ્રાગટ્યના હેતુને અનેક જીવોને એકાંતિક પદ સુધી પહોંચાડવાનો જે દિવ્ય સંકલ્પ તેને આધુનિક યુગમાં નવી પેઢી સુધી વહાવવાનું મહાન કાર્ય કરનાર સ્વામીશ્રીને આવનારા અનેક યુગો સુધી ઈતિહાસ વંદન કરતો રહેશે. (૮) ઉપસંહાર : આ નેશનલ કન્વેન્શનના પૂર્ણાહૂતિ સમયે સૌના હૈયામાં એક જ મંત્રનું રટણ - એક જ મંત્ર ઘૂંટાતો હતો 'એકાંતિક થઈએ પરમ એકાંતિકને સંગ. મારું જીવન પ્રમુખસ્વામી મહારાજને સંગ.' આપણે સૌ પણ આ મંત્ર ઘૂંટીને જીવતરને ધન્ય બનાવીએ.

૩. **પ્રમુખસ્વામી મહારાજનો અમૃત મહોત્સવ :** (૧) ૧૯૯૫માં ઊજવણી સંપન્ન થયેલ પરંતુ બે વર્ષ અગાઉ સદ્‌ગુરુ સંતો તથા અગ્રેસર હરિભક્તોની આ ઊજવણી અંગે મીટિંગ - સ્વામીશ્રીનો આ ઊજવણી અંગે ધરાર ઈન્કાર - પરંતુ સંતો હરિભક્તોનો અતિ આગ્રહ. (૨) સ્વામીશ્રીએ આ અતિ આગ્રહ સામે નમતું મૂકી દીધું પણ એક સૂચન ભારપૂર્વક કર્યું કે સાધુને શોભે તે રીતે જ આ ઉત્સવ ઊજવવો - તેથી આ ઉત્સવમાં ચાર બાબતો મુખ્ય - દર્શન, સેવા, ભજન અને કથાવાર્તા, સંસ્થા તરફથી તડામાર તૈયારીઓ - દર્શનનો મહિમા અંગેના પ્રવચનો, સ્વામીશ્રી તથા ગુરુપરંપરાએ કરેલ સેવા, ભજન-ભક્તિ અને કથાવાર્તા, કીર્તન-આરાધના, પદયાત્રા, સેવા, શ્રમયજ્ઞો વગેરેનાં આયોજનો સમસ્ત સત્સંગ સમાજમાં ભક્તિનો માહોલ - ગુરુહરિ પ્રત્યેનું ઋણ અદા કરવાનો અમૂલ્ય અવસર - પ્રભાત ફેરી, સંધ્યા ફેરી વગેરેનું આયોજન, મંત્ર-લેખન, મંત્ર-જાપ તેમજ અનેક નિયમો હરિભક્તો દ્વારા - નિર્જળા ઉપવાસ, પ્રદક્ષિણાઓ, દંડવત્ વગેરેના નિયમો. (૩) મુંબઈ ખાતે ૪૦ દિવસનો મહોત્સવ - ૨૦-૨૦દિવસના બે સેશનમાં ઉજવણી - જેથી સેવામાં રહેનાર હરિભક્તો, કાર્યકરો, સંતોને સેવાની અનુકૂળતા રહે - ખૂબ સુંદર આયોજન - મુંબઈ ખાતે વિશાળ મેદાનમાં સ્વામિનારાયણ નગર - આ નગરમાં બાળકો દ્વારા જ સંચાલિત બાળનગરી, બ્યુટીફૂલ બોર્ડરલેસ વર્લ્ડ પ્રદર્શન, તે સિવાય અનેક પ્રદર્શનો, બંગાળના કારીગરો દ્વારા બનાવવામાં આવેલ ભવ્ય પ્રવેશદ્વારો, અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર તેમજ અન્ય મંદિરો, વિશાળ યજ્ઞમંડપ, વિશાળ સભામંડપ, સાથે સાથે વ્યસનમુક્તિ કુટિર જેમાં લાખો લોકોએ વ્યસનો મૂક્યાં - આ ઉપરાંત લાખ લોકો બેથી ત્રણ કલાકમાં જમી જાય તેવી ભવ્ય ભોજનશાળા. (૪) સ્વામીશ્રીની પૂજા-દર્શન માટે નારાયણ સભાગૃહ તેમજ અન્ય કાર્યક્રમો, સાંસ્કૃતિક કાર્યક્રમો અંગે ભવ્ય સભામંડપ - આ સભામંડપમાં કથાવાર્તા, કીર્તન-ભક્તિની છોળો, સ્વામીશ્રીનાં અમૃત વચનોની રસધારા - દરરોજ રાત્રે ખ્યાતનામ કલાકારો દ્વારા સુંદર કાર્યક્રમો. (૫) આ અમૃત મહોત્સવ દરમિયાન અનેક લોકોનાં જીવનપરિવર્તન થયાં. (પ્રસંગો લખી શકાય) અનેક લોકો (અક્ષરપુરુષોત્તમ) સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થયા. સ્વામીશ્રીનો અમૃત મહોત્સવ એટલે સેવા, સમર્પણ અને સહકારનો ત્રિવેણી સંગમ. આ ત્રિવેણી સંગમ રૂપી ભાગીરથી શ્રીજીમહારાજના સમયથી શરૂ થયેલી તે આજે પણ વહી રહી છે. અમૃત મહોત્સવ અનેક મુમુક્ષુઓએ ગુરુહરિ દ્વારા અમૃતનું પાન કર્યું અને અક્ષરધામના અધિકારી બન્યા. (૬) સ્વામીશ્રીના જન્મદિને સદ્‌ગુરુ સંતો દ્વારા સ્વામીશ્રીને પોતાના દેહની બિમારીથી રક્ષા કરવાં અને બિમારી ગ્રહણ ન કરે તેવી પ્રાર્થના - સ્વામીશ્રીએ પણ ગળગળા અવાજે આશીર્વાદ આપવાના સમયે પોતે દરેક હાજર રહેલ ભક્તોને હાર પહેરાવવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે હાજર રહેલ તમામ ભક્તોની આંખમાં અશ્રુ - દરેક ભક્તો તરફ સ્વામીશ્રીના સ્નેહની પ્રતીતિ - ઉપસંહાર.

❑ ❑ ❑